Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

# હરિભાવ

Year : 21 - Issue : 3

December, 2016



એક કાળ એવો આવશે. હમણાં જ મેં કહ્યું કે સલામતીમાં રાચનારા માણસો ચેતતા રહેજો. તમારા રોકડા પૈસા રાખશો નહિ. ચીજવસ્તુમાં રાખજો. સાહેબ ! ઘણાં વર્ષોથી કહું છું. તમારા રોકડા પૈસા રાખ્યા તો મર્યા સમજજો. આ કાળ વિપરીત આવે છે. માટે, પૈસા ચીજવસ્તુમાં રાખજો. પણ બીજી વાત કરું છું. કાળાં નાણાં અંગે પેલી વાત તો સરકારથી થઈ શકે એમ નથી, કારણ કે એટલી બધી નોટો પાછી લેવી હોય તો દસબાર વર્ષ તો નોટો છાપવામાં જોઈએ અને દસબાર વર્ષ કંઈ છાનું રહી શકે નહિ. એટલે એ બહુ અઘરી વાત છે. તોપણ એક કાળે કરવું પડશે. મને એમ લાગે છે.

- શ્રીમોટા

*તા. ૮-૧૦-૧૯૭૨ના રોજ આપેલું પ્રવચન*
*'સાવધાન ! સલામતી ઝુંટવાઈ જવાની છે.', પ્ર. આ., પૃ. ૧૧*

# ઓ વિશ્વપતિ તારા વિશ્વાસે

(રાગ : તમે ભાથું ભરી લો ભક્તિનુ)

ઓ વિશ્વપતિ તારા વિશ્વાસે મારો ચાલે છે વહેવાર,
રહીશ ના દૂર.....ઓ વિશ્વપતિ.

મારી આંટીધૂંટી આવે છે, તેનો તું જ નિવેડો લાવે છે,
જ્યાં મારી ભૂલ થાયે ત્યાં તું જ મને સમજાવે છે.
રહીશ ના દૂર.....ઓ વિશ્વપતિ.

આ ભૂલ ભરેલા ભવજળમાં મારે તારો છે આધાર,
રહીશ ના દૂર.....ઓ વિશ્વપતિ.

મારે પળપળ તારું કામ પડે, મને વારે વારે ભૂલ નડે,
તુજ વિણ વહાલા વારે વારે મારી વહારે કોણ ચઢે,
રહીશ ના દૂર.....ઓ વિશ્વપતિ.

ઓ દીન દુઃખિયાના દીનબંધુ મને તારામાં વિશ્વાસ,
રહીશ ના દૂર.....ઓ વિશ્વપતિ.

મારો વહીવટ તું સંભાળી લે, મને નિજ જન ગણી પાળી લે,
મનવૃત્તિ મારી માયામાંથી ચરણકમળમાં વાળી લે.
રહીશ ના દૂર.....ઓ વિશ્વપતિ.

તું હરિભક્ત સંગાથે કાયમ રહેવા તૈયાર,
રહીશ ના દૂર.....ઓ વિશ્વપતિ.

પ્રકાશન સ્થળ :
બી/૫, સ્વસ્તિક ઍપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : પ્રભુદાસ જાની
સહાયક : વિવેક દેસાઈ

વર્ષ : ૨૧ અંક : ૩ ડિસેમ્બર, ૨૦૧૬

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી પ્રભુદાસ જાની, શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**સરનામાના ફેરફાર અંગે, 'હરિભાવ' ન મળવા અંગે તથા પૂછપરછ માટે સંપર્ક : શ્રી સુરેશ વૉરા**
Mo. / SMS / Whatsapp - 9427554391

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૬૦૦/- (ઍરમેઈલથી)
એકથી પાંચ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે**
'હરિવાણી ટ્રસ્ટ', C/o. ૧૧, દાદા રોકડનાથ સોસાયટી, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો

**ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : 'હરિવાણી ટ્રસ્ટ'**
યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭
બચત ખાતા નં.: ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

**હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ**
**www.hariommota.org** ઉપર
**હરિભાવ ઉપલબ્ધ હોય છે.**
**ફોન : (૦૨૬૧)૨૭૬૫૫૬૪, ૨૭૭૧૦૪૬**

* Subject to Ahmedabad Jurisdiction

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર, મો.:૯૩૨૭૦૩૬૪૧૪**

## અનુક્રમ

૧. ચેતનનિષ્ઠને વળગી રહો ...................... શ્રીમોટા ૪
૨. શ્રીજી મહારાજ અને દાદા ખાચર : કેટલાક પ્રસંગ
.................................. સંઃ પ્રભુદાસ જાની ૫
૩. આપણા સહયાત્રિકની આ દશા ? ......... કાકા કાલેલકર ૭
૪. જપથી સિદ્ધિ ...................... શ્રીસ્વામી સદાશિવ ૯
૫. પદ્યપ્રસાદી .................................. શ્રીમોટા ૧૦
૬. શ્રીમોટાના અપ્રગટ પત્રો ...................... શ્રીમોટા ૧૧
૭. વિપત્તિઓના વમળમાં ............... સ્વામી વિવેકાનંદ ૧૪
૮. સાધનાવિચાર ............ શ્રીદયાનંદ તીર્થ (દાસાનુદાસ) ૧૬
૯. રાંધેલી રસોઈને જમી લો ............ શ્રીમદ્ જેસંગબાપા ૧૯
૧૦. શબ્દની વૈજ્ઞાનિક સમજ ....................... શ્રીમોટા ૨૧
૧૧. ગુરુ વિના એ જ્ઞાન અમને કોણ રે આપે ! .............
..................... સ્વ. જયાબહેન ભાનુભાઈ નાયક ૨૬

## જ્ઞાનદાન

**અજ્ઞાત રહેવાની ભાવનાવાળાં અમદાવાદનાં *એક સ્વજન બહેનશ્રી* તરફથી તેમ જ પોતાની જન્મતારીખ નિમિત્તે વ્યારાના સ્વજન *જગજીવન વી. ટેલર* તરફથી 'હરિભાવ'ના આ અંકના પ્રકાશનમાં અમોને ઉલ્લેખનીય સહયોગ અપાયો છે, તે બદલ આ બન્નેની આ માર્ગમાં પ્રગતિ થતી રહે એવી શ્રીહરિચરણે પ્રાર્થનાસહ એમના પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ.**

**-સંપાદક**

# (૧) ચેતનનિષ્ઠને વળગી રહો

**શ્રીમોટા**

ભગવાનને આપણે ભૂલી ગયાં છીએ. કોઈ કહેશે કે હું રોજ પાંચ માળા કરું છું, તે પછી જમું છું. આ રીતે આપણે ભગવાનને છેતરીએ છીએ. એને ટોડલે મૂકતા હોઈએ તો ઠીક, અરે, ખિસ્સામાં રાખતા હોઈએ તોપણ ઠીક, પણ આ તો 'એ' છે જ નહિ એવી રીતે વર્તીએ છીએ-એને છેતરીએ છીએ. ભગવાન સંસારવહેરમાં આપણને મદદ કરે છે. જિંદગીમાં કોઈએ પાંચ હજાર રૂપિયા આપ્યા હોય તો એને ભૂલીએ છીએ ? પણ હવા, પાણી, અગ્નિ, પ્રકાશ વગર જિવાય એવું નથી, એ બધું ભગવાને પેદા કર્યું અને એ બધું સહજ રીતે મળે છે. અને એ બધું છે તો ખરુંને ? આ બધાં સિવાય ન જિવાય એ વાત સાચી ? તો કહે, 'હા'. એની કોઈ દિવસ કદરભક્તિ દિલમાં પ્રગટી ? તો કહે 'ના'. તો આપણે માણસ તરીકે જીવીએ છીએ તેનું ભાન નથી. ભગવાન તો આપણને પળેપળ જિવાડી રહ્યો છે, એનું ભાન ભગવાનની કૃપાથી આપણને બધાંને પ્રગટે એટલી મારી વિનંતી છે.

ભાન કેમ નથી પ્રગટતું ? કારણ, આપણે ઘોર તામસમાં પડેલાં છીએ, 'એ' છે જ નહિ એમ વર્તીએ છીએ, ખિસ્સામાં કે ટોડલે પણ નથી રાખતા, એમ કરીએ તો 'એ' છે એવી રીતે વર્તવું પડે, તો 'એ' છે એનું ભાન પ્રગટે. એનો કોઈ ઉપાય ? તો કહે, 'જિજ્ઞાસા થવી જોઈએ.' સંસારમાં આપણને જે સમજણ પ્રગટે છે, તેનું કારણ તેવી ગરજ પ્રગટે છે. ગરજ પ્રગટ્યા વગર નિકટ ન જઈ શકીએ. એવી ગરજ જ્યારે જ્યારે પ્રગટે ભગવાનને અનુભવવાની જિજ્ઞાસા પ્રગટે તો જ બને. તો કહે છે કે 'ગરજ કે જિજ્ઞાસા પ્રગટી નથી, માટે બીજો કોઈ ઉપાય બતાવો.' તો બીજો રસ્તો સંતમહાત્મામાં અનુરાગ. પણ એ મહાત્મા ક્યાં છે ? એને કેવી રીતે ઓળખવા ? સંસારમાં માણસને ઓળખી શકતાં નથી, એક જ માણસ કોઈની સાથે સારી રીતે વર્તે, કોઈ સાથે લુચ્ચાઈથી વર્તે, કોઈ પ્રત્યે મમતા, ક્રોધ વગેરે કરે. આપણે માણસને તો ઓળખતાં નથી તો મહાત્માને કેવી રીતે ઓળખવા ? માણસને ઊગરવાનો કંઈ આરો ?

આ બધું અનંતકાળથી ચાલ્યા કરે છે. એટલે કોઈ ચેતનમાં નિષ્ઠા પામેલા હોય તેનામાં રાગ પ્રગટે અને એના કોઈ વચનથી શ્રદ્ધા પ્રગટીને આપણે તે પ્રમાણે વર્તીએ, તો આપણું કામ અને કલ્યાણ થાય. એ સંત જીવનનાં અનેક ક્ષેત્રોમાં ખપ લાગે છે, પણ એને ખોળી કાઢવો બહુ મુશ્કેલ. ગીતા માતા કહે છે કે સંસારમાં ભગવાનને માટે મથનારા થોડા, વળી એમાંથીયે એનું સાતત્ય જાળવનારા થોડા, અને એમાંથીયે એ જાળવી રાખનારા થોડા અને એને અનુભવનારા તો બહુ જ થોડા. એટલે આપમેળે પ્રારબ્ધને કારણે જો એની સાથે મેળ બેસી જાય તો એને પકડી રાખવો, એનામાં રાગ કરવો અને એમ કરતાં સંબંધ વધારવો, સાધારણ રીતે એની સાથે મેળ બેસી જાય તો એને પકડી રાખવો. મારા જેવો જે કોઈ વેશધારી હોય તેની સાથે દિલ મળી જાય તો વળગી રહો. એવાના પરિચય થાય તો એના

**(અનુસંધાન પેજ નં. ૧૩ પર)**

## (૨) શ્રીજી મહારાજ અને દાદા ખાચર - કેટલાક પ્રસંગ (૧) સં. પ્રભુદાસ જાની

*("થવું છે દાદા ખાચર જેવા ?"ના પ્રકાશનમાંથી કેટલાક સંપાદિત પ્રસંગો રજૂ કરાયા છે - સં.)*

(૧)

એભલ ખાચરે પોતાના દેહાંત સમયે પાંચ વર્ષના પુત્ર દાદા ખાચરનો હાથ શ્રીજીમહારાજને સુપ્રત કર્યો હતો. દાદા ખાચરના દરબારમાં શ્રીસ્વામીનારાયણ ભગવાન ૨૮-૨૮ વર્ષ સુધી પોતાનું ઘર કરીને રહ્યા હતા.

શ્રીજી મહારાજને વ્યાવહારિક પ્રસંગોમાં બહુ રુચિ નહિ. એમાંય દેહના દેહ સાથેનાં લગ્નમાં તો બિલકુલ નહિ, પરંતુ દાદા ખાચરનાં લગ્નનો પ્રસંગ રંગેચંગે પૂરો કરવા પોતે ઘરધણી બન્યા. દાદાની જાનમાં પોતે પધાર્યા. દાદાના ગાડાના હાંકનાર સ્વયં શ્રીહરિ બન્યા. સંતોને પણ સાથે લઈ જાનમાં ભટવદર પધાર્યા. કીર્તનની રમઝટ ચાલી હતી. ત્યાર પછી સહુ દાદા ખાચરને હાથ ગરણામાં યથાશક્તિ ભેટસોગાદો આપી રહ્યા હતા. દાદા ખાચર જ્યારે શ્રીજીમહારાજને પગે લાગવા આવ્યા ત્યારે તેઓશ્રીએ દાદા ખાચરને પૂછ્યું કે અમે હાથગરણામાં તમને શું આપીએ ? તમે જે માંગશો તે આપીશું. તમે અમારી પાસે હાથગરણું માંગો.

દાદા ખાચરની આંખમાં હર્ષનાં અશ્રુ આવી ગયાં. તેઓએ લૌકિક પદાર્થ ન માગ્યા અને જે માંગ્યું તે પોતાને માટે નહિ. શ્રીજીમહારાજ પાસે તેમણે માંગ્યું કે, 'દયાળુ, આપની નિષ્ઠાવાળા કોઈ પણ આશ્રિત જનના ગમે તેવા અપરાધ હોય, ગુના હોય તોપણ એના સર્વે ગુના માફ કરી, તેનું આપ પૂરું કરજો અને આપની મૂર્તિનું ખૂબ ખૂબ સુખ આપજો.'

દાદા ખાચરનાં વચન સાંભળી મહાપ્રભુ અત્યંત રાજી થયા અને આશીર્વચન આપતાં બોલ્યા, 'ભલે, દાદા તમારો મનોરથ અમે જરૂર પૂર્ણ કરીશું. અમારા ભક્તના સર્વે અપરાધ-ગુના માફ કરી અમે એનું પૂરું કરીશું, પરંતુ અમારા કોઈ સંતો ભક્તોનો દ્રોહ-અપરાધનો ગુનો એક માફ નહિ કરીએ.'

(૨)

શ્રીજીમહારાજના જમણા હાથ સમાન શુક સ્વામી વહેલી સવારે ઘેલા નદીમાં સ્નાન કરી ચાલતા અક્ષર ઓરડીએ આવ્યા. તેઓને ઠંડી ખૂબ ચડી ગઈ હતી. આખું શરીર ધ્રૂજે. મહારાજે સ્વામીને ધાબળો ઓઢાડ્યો. ત્યાં દાદા ખાચર આવ્યા. મહારાજ કહે, "દાદા ! જો વળીઓ અને ખાપટિયું મળે તો સ્વામી માટે તાપણું થાય" દાદા ખાચર કહે, "હા...હા... મહારાજ, કેમ નહિ ?" એમણે તરત જ એમના નવા મકાન માટેની વળીઓ અને ખાપટિયું હતી તેના કટકા કરાવ્યા. ત્યાર પાછી પાણી પીવાનો મોટો ગોળો હતો તેને ફાડી નાંખી તેમાં તાપણું લઈ જાતે ઉપાડી અક્ષર ઓરડીમાં લઈ જઈ શુકસ્વામી પાસે મૂક્યું. શુક સ્વામીની ટાઢ ઊડી ગઈ.

(૩)

મહાપ્રભુ ભગવાન સ્વામીનારાયણ અમદાવાદ પધાર્યા હતા. મોટી નગરયાત્રા કાઢવાની હતી. નગરયાત્રામાં કે વરઘોડામાં વાળંદ હાથમાં મશાલ લઈને ચાલે એવો રિવાજ હતો, પરંતુ અમદાવાદના વાળંદોએ નક્કી કર્યું

કે અમે મશાલ નહિ લઈએ. નગરયાત્રાનો સમય થયો. મશાલ કોણ પકડશે એ મોટો પ્રશ્ન હતો.

દાદા ખાચર અને પંચાળા દરબાર ઝીણાભાઈ પોતે જ તૈયાર થઈ ગયા. સમય સાચવી લીધો. તક ઝડપી લીધી. વાળંદની જગ્યાએ ગામધણી ! કોઈ પૂછે તો દાદા ખાચર જવાબ આપતા કે અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિના વાળંદ થવાનું અમને મળે ક્યાંથી ? અમે પણ મહારાજના વાળંદ છીએ. દાદા ખાચરને શરમ ન આવી કે નાનમ પણ ન અનુભવી.

(૪)

દાદા ખાચરના દરબારમાં શ્રીજીમહારાજ બીરાજે એટલે સૌ કોઈ ગામેગામથી આવે. એક દિવસ એક ગામેથી બહેનોનું મંડળ આવ્યું. એમાં એક કુસંગી ડોશી પણ આવી ગયેલાં. લાગ મળતાં ડોશીમાએ દરબારમાંથી ચારસો રૂપિયાની ચોરી કરી. પછી કોઈ ભાળે નહિ તેમ મંડળ ભેળાં બેસી ગયાં અને સૌની સાથે તાળી પાડી ઉચ્ચ સ્વરે ધૂન કરવા મંડી પડ્યાં.

મહારાજ તો બધાંયનું બધું જ જુએ અને જાણી શકે. અંતરયામીએ એ જાણ્યું એટલે દાદા ખાચરને બોલાવીને વાત કરી અને એ ડોશીને બતાવી, એક લાકડી આપી અને ડોશીને ફટકારવાનું કહ્યું.

મહારાજે કહ્યું એટલે દાદા ખાચર ત્યાં ગયા તો ખરા, પણ ડોશીમાને ઉચ્ચ સ્વરે ધૂન કરતા જોયા એટલે મહાપ્રભુ પાસે પાછા આવ્યા અને બોલ્યા કે ડોશીમા તો નિમિત્ત છે બાકી, આપની સાથે સંબંધવાળા ગમે તે સ્વભાવના હોય, મારા માટે માથાના મુગટ સમાન છે અને મારવાની તો વાત એક બાજુ રહી પણ મારું સર્વસ્વ કદાચ લઈ લે તોપણ મારાથી કંઈ બોલાય નહિ. આ સાંભળી શ્રીજીમહારાજ દાદા ખાચરને બાથમાં ઘાલી ભેટ્યા અને રાજીપો આપ્યો.

(૫)

સંવત ૧૮૬૯માં ભયંકર દુકાળ થયો. શ્રીજી મહારાજે તમામ સંતોને ગઢપુર તેડાવી લીધા. ત્યારે દાદા ખાચરે પ્રાર્થના કરીને કહ્યું કે હે પ્રભુ ! આપના ઘણા વહાલા ભક્તો હશે જેઓને આ દુષ્કાળમાં તકલીફ પડતી હશે, તો ગામેગામ કાગળ લખાવી તેડાવી લ્યો.

શ્રીજીમહારાજે આમ કર્યું તો દાદાના દરબારમાં હજારો દુર્બળ ભક્તો આવી ગયા. દાદા ખાચરનો આખો પરિવાર એમની સેવામાં જોડાઈ ગયો. ઘેલામાં પાણી નહિ એટલે દૂરદૂરથી જાતે ગાડામાં પાણીના પીપ મૂકી મૂકી પાણી ભરી લાવે પણ થાકે નહિ. એ આખા પરિવારે મહાપ્રભુના ને સૌના દાસનાય દાસ બની સંતોનો રાજીપો કમાયો હતો.

(૬)

શ્રીજીમહારાજે ગઢપુરમાં મંદિરનું કામ ધમધોકાર ચાલુ કરાવ્યું ત્યારની આ વાત છે.

સૌ સંતો અને હરિભક્તો સેવામાં જોડાઈ ગયા હતા, પરંતુ મંદિરનું કામ ઝડપથી પૂરું કરવું હતું. મજૂરની વધારે જરૂર પડે તેમ હતી. સ્વયં શ્રીજીમહારાજ સવારે ઘેલામાંથી પથ્થર પોતાના મસ્તકે મૂકીને લાવતા હતા.

દાદા ખાચરે આ જોઈને શ્રીજીમહારાજને પ્રાર્થના કરી કે મહારાજ મારા જેટલા જૂત બળદની જોડ-ગાડું છે અને ભાગિયા મજૂર છે, તે બધાં જ્યાં સુધી મંદિરનું કામ પૂરું નહિ થાય ત્યાં સુધી સેવામાં અર્પણ !

આ સાંભળી મહારાજ અતિશય રાજી થયા.

'થવું છે દાદા ખાચર જેવા'માંથી સાભાર સંકલન
સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ, પ્રકાશક, પ્ર. આ., માર્ચ ૨૦૧૦❑

## (૩) આપણા સહયાત્રિકની આ દશા ?

કાકા કાલેલકર

ભારતની બહેનો એટલે ધીરજ અને ક્ષમાની મૂર્તિ, પણ આવાં સ્નેહ, ધીરજ અને ક્ષમાની કદર કરવાને બદલે પુરુષો એનો ફક્ત લાભ જ ઉઠાવે છે. આપણું સામાજિક જીવન ભાંગી પડ્યું છે, કેમ કે પુરુષો સ્ત્રીજાતિના વિકાસ વિશે બેદરકાર છે. આપણે ત્યાં સ્ત્રીઓના શ્રમનો વિનિયોગ પુરુષવર્ગ ને છોકરાઓને એદી તેમ જ પરાવલંબી બનાવવામાં જ થાય છે. હિંદુ સંસારે સ્ત્રીજાતિ પ્રત્યે જે ઘોર અન્યાય કર્યો છે, અને એની પાંખ કાપી એને સાવ અપંગ બનાવી છે તે જોતાં આપણા અધઃપતનનું કારણ બરાબર સમજાય છે.

સ્ત્રીઓનાં આરોગ્ય કે સુખસગવડ વિશે વિચાર કરવાની આપણા લોકોને ટેવ નથી, એટલું જ નહિ પણ એમ કરવું એ સ્ત્રીયાળુપણાનું લક્ષણ ગણાય છે. સ્ત્રીઓને પેટે જન્મ લેતાં આપણને શરમ નથી આવતી, સ્ત્રીઓ પાસે આપણાં સુખસગવડને સારુ કામ કઢાવતાં આપણને સારું આવડે છે, પરંતુ એમનાં સુખસગવડ વિશે ચિંતા રાખવી આપણને અનાવશ્યક અથવા નાનપભરેલું લાગે છે !

આપણા જમાનાની કસોટી આપણે આપણી સ્ત્રીઓ પ્રત્યે કેવી રીતે વર્ત્યાં, હરિજનો પ્રત્યે કેવી રીતે વર્ત્યા, અને ગામડાં પ્રત્યે કેવી રીતે વર્ત્યા, એ ઉપર થવાની છે. જૂના લોકોએ તો સ્ત્રીઓની દુર્દશા કરી જ છે, તેમને ભોગવિલાસનાં પશુ ગણ્યાં જ છે, પણ નવા લોકોએ સુધ્ધાં કંઈ સ્ત્રીઓનો ઉદ્ધાર કર્યો જ છે, એમ નથી લાગતું.

આપણે છોકરાંઓને રમાડીએ છીએ, તેમની ઉપર વહાલ કરીએ છીએ, છોકરાંઓને પ્રસન્ન રાખવાને ઈંતેજાર રહીએ છીએ. છતાં તેમને આપણી સંસારયાત્રાના ભાગીદાર ગણતાં નથી, તેમની સલાહ લેતાં નથી, તેમની ઈચ્છા-અનિચ્છાને ઝાઝું મહત્ત્વ આપતાં નથી, કેમ કે છોકરાં એ આખરે છોકરાં જ છે, બાલિશ છે, એક રીતે આપણાં રમકડાં છે.

શું સ્ત્રીઓ પ્રત્યે પણ આપણે આવી જ વૃત્તિ ધારણ કરીએ ? આપણે તેમને સારાં કપડાં આપીએ, ઘરેણાં આપીએ, તેમનું કામ ઓછું કરવા ખાતર ઘરમાં નોકરો રાખીએ, હરવાફરવા માટે ગાડી રાખીએ, નાટક-સિનેમા જોવા લઈ જઈએ, નવલકથાઓ લઈ આપીએ-શું મનુષ્યજીવનમાં સ્ત્રીને આટલું જ સ્થાન છે ? દેશની સ્થિતિ, સમાજની સ્થિતિ, સામાજિક ફેરફારો વગેરે ગંભીર સવાલો પર વિચાર કરવાનું આપણે તેમને આમંત્રણ ન આપીએ ? શું તેમને જીવનની વાસ્તવિકતાથી પરિચિત ન રાખીએ ?

'સહધર્મચારિણી' એ સ્ત્રીનું યથાર્થ વર્ણન છે. જ્ઞાનમાં ને કર્મમાં, ઉત્સાહમાં ને ચિંતામાં પુરુષે સ્ત્રીને પોતાની સાથી ગણવી જોઈએ. સ્ત્રીઓને ઘરમાં વધારે સગવડો મળે એટલાથી તેમની ઉન્નતિ થવાની નથી. સ્ત્રીઓ જો કોઈક દિવસ આપણા બધા વ્યવહારનો કબજો લે, અને આપણે તેમને જેમ આજે રાખવા માગીએ છીએ તેવી સ્થિતિમાં આપણને તેઓ રાખે, તો તે સ્થિતિમાં શું આપણી બધી આકાંક્ષાઓ તૃપ્ત થશે ?

સ્ત્રી-પુરુષ વચ્ચે શરીરરચનાનો ભેદ છે, સ્વભાવભેદ છે, સંસારયાત્રામાં કર્તવ્યભેદ પણ છે, પણ બન્નેની આશા, આકાંક્ષા અને ચિંતા

સરખી જ હોવી જોઈએ. જવાબદારી અને પુરુષાર્થ વગર પ્રતિષ્ઠા ટકતી નથી. જવાબદારી વગરની પ્રતિષ્ઠા એ ઠાલો વિવેક છે, ખુશામત છે. કેળવણી એટલે શણગારરૂપ સંસ્કાર નથી, પણ જવાબદારી ઓળખવાની શક્તિ, જવાબદારી ઉત્સાહથી વહોરી લઈને બાહોશીથી તે પાર પાડવાની શક્તિ છે. એ સામાજિક દરજ્જો સ્ત્રીઓને જ્યાં સુધી મળ્યો નથી, ત્યાં સુધી સ્ત્રી સ્વાતંત્ર્ય એ અમૃત સંજીવની થવાને બદલે તેમને ફોસલાવવાનો એક મોહિનીમંત્ર જ રહેશે.

યાજ્ઞવલ્ક્ય પોતાની મિલકત મૈત્રેયી અને કાત્યાયની વચ્ચે વહેંચી આપવાના હતા અને પોતે બ્રહ્માનંદમાં લીન થવા માગતા હતા. મૈત્રેયીએ જવાબ આપ્યો, 'જે મળવાના આનંદમાં તમે આ બધું છોડી દેવા માગો છો, તે ખાસ વસ્તુ જ મને આપોને !' આખરે યાજ્ઞવલ્ક્યને કબૂલ રાખવું પડ્યું કે મૈત્રેયી કંઈ પોતાના કરતાં ઊતરતી વિભૂતિ નથી. સાવિત્રીની પણ નારદમુનિ, એના પિતા, સસરા અને પતિ સૌએ દયા ખાધી, પણ તે માનિનીએ કોઈનું માન્યું નહિ, પોતાનો દરજ્જો છોડી દઈને સુખી રહેવા તે તૈયાર ન હતી.

વનવાસનો પ્રસંગ આવ્યો, ત્યારે રામે પણ સીતાની દયા ખાધી અને વનવાસનાં કષ્ટોનું ભડકામણું શબ્દચિત્ર ઊભું કરી સીતાને ઘેર રહેવાની શિખામણ આપી, પણ જનકતનયા અને રામપત્ની કંઈ દયાનું પાત્ર બનવાની હતી ? તેણે રામને કહ્યું, 'હું કંઈ તમને બોજારૂપ થવાની નથી. હું તમારી આગળ આગળ ચાલીશ અને કાંટા ને ઘાસનાં ઠૂંઠાં પગથી દબાવીને તમારો રસ્તો હળવો કરીશ.'

સમાજમાં સ્ત્રીઓને જ્યારે સીતા, સાવિત્રી અને દમયંતીનો દરજ્જો મળશે, ત્યારે જ સ્ત્રીઓની ઉન્નતિ થવાની છે અને સ્ત્રીઓની ઉન્નતિ થયા પછી જ આ ક્ષીણસત્ત્વ દેશની ઉન્નતિ થવાની છે.

પરંતુ આજે જોવા એમ મળે છે કે સામાન્ય કુટુંબોમાં સ્ત્રીની દૃષ્ટિ સંકુચિત હોય છે. પૈસો મળે, સગાંવહાલાંમાં પોતાની પ્રતિષ્ઠા વધે અને પોતાને તથા સગાંવહાલાંને એશઆરામ મળે, એ તેમનો આદર્શ હોય છે. નિર્ભય, સ્વતંત્ર અને મર્યાદાશીલ જીવન કેમ જીવવું, એ સ્ત્રીઓને બતાવવાની ખાસ જરૂર છે. આપણી રહેણી સાદી કરીએ, નકામા રિવાજો કાઢી નાખીએ, તો સ્ત્રીઓનો ઘણો વખત બચી જશે.

ઈશ્વરે સ્ત્રીજાતિને શક્તિ આપી છે તેથી જ માણસ નભે છે. આજની અબળા એ કાલની શક્તિસ્વરૂપિણી છે. સહન કરી કરીને તેણે સહાનુભૂતિ કેળવી છે. તેણે ભાવનાઓનો વિકાસ કર્યો છે. નમ્ર થઈને સામ્રાજ્ય ભોગવવાની કળા તેને લાધી છે, પણ સ્ત્રીઓની તપસ્યા અધૂરી છે. દૃષ્ટિ સંકુચિત, પ્રેમસંબંધનું ક્ષેત્ર સંકુચિત, અમુક રીતે જીવન પરાધીન અને અતિ સહન કરવું પડ્યાથી વૃત્તિઓ કંઈક વિકૃત. માતા તરીકે સ્ત્રીનું સ્થાન કેળવણીકારના જેવું છે. તે સ્થાનમાં તેઓ આજે હજી દીપી નીકળતાં નથી. ભગિની તરીકે ભાઈઓમાં કોમળ તેજસ્વિતા અને પવિત્ર નિષ્ઠા કેળવવાનું કામ તેઓએ હાથમાં લીધું નથી. સ્ત્રી તરીકે સહધર્મચારિણીને સ્થાને તેઓ વિરાજ્યાં નથી. એ બધું કરવા માટે એમને નવી દીક્ષા મળવી જોઈએ.

'ભૂમિપુત્ર', તા.૧૬-૯-૯૯ સાભાર ❑

## (૪) જપથી સિદ્ધિ

**શ્રી સ્વામી સદાશિવ**

મંત્ર મનને પકડી રાખે છે, એની હું ગેરંટી (ખાતરી) આપું છું. વિસંવાદી મન એ જ વિસંવાદી જીવન છે. જીવનને Harmonised એટલે કે હરમન એટલે કે મનોહર, મનને હરી લે એવું બનાવવું જોઈએ, એ જ સંવાદી જીવન છે. પ્રાણમનની એકતા એ જ સંવાદી જીવન છે, પછી તમે ગમે ત્યાં હો, ગમે તે કરતા હો. આ રોકડું ખાતું છે, પ્રૅક્ટિકલ સાયન્સ (વ્યવહારુ વિજ્ઞાન) છે. આ એક મંત્રયોગ છે, સર્વશ્રેષ્ઠ છે.

મનવાણી સૌપ્રથમ ઘનીભૂત સ્વરૂપમાં હોય છે. જેમ બરફ, પાણી અને વરાળ એક જ છે, પણ પ્રક્રિયા જુદી જુદી હોવાથી કાર્ય જુદું જુદું થાય છે. બરફ સ્થિત રહે છે, પાણી બનતાં નીચે તરફ ગતિ કરે છે, વરાળ બનતાં ઉપર તરફ ગતિ કરે છે. જે મન છે એ જ શરીર. તે શરીર ઘનીભૂત રૂપમાં છે. શરરીરના કોઈપણ ભાગમાં દુઃખ થતાં આ જ કારણે આખા શરીરમાં વ્યાપી જાય છે. ઘનીભૂત થયેલો જે પ્રાણ છે એ જ ગરમીથી ઓગળે છે, એટલે એમાં જલકણ આવે છે અને એ નીચે તરફ જાય છે. એ જલીય પ્રાણને વધુ ગરમી મળતાં તેજ તત્ત્વમાં એટલે બાષ્પમાં પરિણમે છે અને પ્રાણ ઊર્ધ્વ બને છે. આ ઊર્ધ્વીકરણ મંત્રથી શક્ય બને છે. જ્યાં પ્રાણનું ઊર્ધ્વીકરણ થતું નથી ત્યાં જ દુઃખ હોય છે. શરૂઆતમાં ત્રણ ચક્રોમાં પ્રાણ ઘનીભૂત અને રસાકાર હોય છે. મૂલાધારમાં પૃથ્વી તત્ત્વ છે, સ્થૂળ અભિમાન છે, એ જ રાવણ છે, અહીં વૈખરી વાણી હોય છે. જ્યારે પૃથ્વી તત્ત્વ રૂપાંતર પામીને જલતત્ત્વ બને છે, ત્યારે એ મનને નીચેની તરફ ખેંચે છે, મન અધોગતિ પામે છે, અહીં વાણી મધ્યમા હોય છે. જ્યારે પ્રાણમાં તેજતત્ત્વ કણોનું આધિક્ય હોય છે, ત્યારે વાણી પશ્યન્તિ બને છે. અહીં એક એક સંસ્કાર એક એક અક્ષર દેખાય છે, અહીં સંકલ્પોની ગતિ ધીમી પડે છે. મનની ગતિ ધીમી પડવાથી વાણી અને મનની ગતિ દેખાય છે. પરાવાણીમાં માત્ર અનુભૂતિ જ કરવાની હોય છે. અહીં માત્ર ઝંકાર જ હોય છે, મન-પ્રાણમાં એક પ્રકારનો Divine Intoxication-એક પ્રકારનો નસો ecstasy આખા શરીરમાં વ્યાપેલો દેખાય છે. આ ઝંકારમાં ખૂબ જ તાકાત હોય છે, અહીં એક પ્રકારની ખુમારી આવે છે. વિશ્લેષણથી પરાવાણીમાં કામ થાય છે.

**જપાત્ સિદ્ધિ. જપથી જ સિદ્ધિ છે.** ઘર્ષણથી જેમ ગરમી ઉત્પન્ન થાય છે એમ મંત્રના શબ્દઘર્ષણથી સૂક્ષ્મ ગરમી ઉત્પન્ન થાય છે, જે નાડીમાં ઘનીભૂત થઈને રહેલા દોષો-કફ, વાયુ, પિત્તને પ્રવાહી બનાવીને બહાર કાઢે છે. મંત્રથી નાડી શુદ્ધ થયા બાદ સભાનતા આવે છે. મસ્તકમાં નાડી શુદ્ધિ થયા બાદ વિચાર શક્તિ ખીલી ઊઠે છે.

બહિર્વિજ્ઞાન એ Objective Science છે, Atom (પૃથ્વીકણ) છે. એ Objective (જડ) છે, એ પૃથ્વીય તન્માત્રા છે. Hydrogen એ જલીય તન્માત્રા છે. જે આપણા જમણી અને ડાબી બાજુના અંડકોષમાં રહેલી છે. એ બન્ને

**(અનુસંધાન પેજ નં. ૨૦ પર)**

(૧)

## જીવદશા

પ્રકૃતિનું જ સામ્રાજ્ય નર્યું છે જીવદશા વિશે,
પડે છે વર્તવું ત્યારે સ્ફુરેલા વલણની રીતે.

કશી ના સ્વતંત્રતા ત્યાં છે, નર્યું સ્વચ્છંદ વર્તે છે,
શું યદ્વાતદ્વા જે તે છે ! ન વ્યવસ્થા કંઈ કશી પણ છે.

નર્યું સંદિગ્ધપણું શું છે ! ન નિશ્ચયાત્મક કશું પણ છે,
બધું એલફેલ ચાલે છે, દશા શી જીવદશાની છે !

ઊંચે તેમાંથી ચડવાને શી જિજ્ઞાસા પ્રગટ થઈને,
સતત પુરુષાર્થમાં તેવા મને પરોવી દીધો છે !

(૨)

## વંઠેલ મનાદિ

બધાં વંઠેલ કેવાં છે મનાદિ તે જીવન વિશે,
કહીંના કહીં જ રખડે છે, ઠરેલાં તે ન રૂ્હેતાં છે.

ભટકતાં ખૂબ રહેવાની પડી ટેવ મનાદિને,
ખીલે તેથી ચરણકેરા હરિ-મદદે જ બાંધ્યાં છે.

છતાં તોયે કદીક કેવાં છટકી-છટકી જ ભાગે છે !
સ્મરણ-કીર્તન-ભજનભાવે પદે તેથી લગાડ્યાં છે.

સતત બસ એકનું એક જ જીવન કર્મ બનાવીને
-પૂરું સોંપી દઈ, હાવાં ભજનમાં ચિત્ત પ્રોયું છે.

(૩)

## તુમાખી

તુમાખીનો કંઈક જનનો જીવનમાં તોર કેવો છે !
મગતરાથીય શા તુચ્છ જીવનમાં તે ખરેખર છે !

અહંતાથી જ પ્રેરાઈ ફૂલી-ફૂલી ફાળકો થઈને,
કૂવાના દેડકા જેવું બધું માન્યા કરે છે તે.

અવરને સાવ નાનકડા શું પોતાથી જ માને તે !
તુમાખીનો કદી દોર ન તેવાનો પડે ઢીલો.

તુમાખીનાય તેવાના કદીક ભૂકા થતા શા છે !
અહમ્‌માં તોય પૂળો ના છતાં કેમે મુકાતો છે.

(૪)

## થતા અન્યાય

વિચારી અન્યથા રીતથી ગમે તેવું બીજાં વિશે
-કરી બેઠેલ અન્યાય જગતમાં કેટલાંયેને !

સમજ પડતાં ખરી દિલમાં ક્ષમા મેં માગી લીધી છે,
બહિર્મુખી થતાં વૃત્તિ તહીં શો ચોંકી ઊઠ્યો જે !

'કશું વિચારવાનું કંઈ જીવનમાં તો બીજાં વિશે',
કૃપાથી છોડી દેવાનું શું વારંવાર સૂઝ્યું છે !

સતત અંતર્મુખી રહેવા જીવનનું લક્ષ્ય ધારીને,
ફળવવા ધ્યેય પ્રત્યક્ષ રહેવાયું જ મંડીને.

'જીવનઘડતર', પ્ર. આ., પૃ. ૧૬૬,૧૯૩,૩૧૧,૪૪ ❑

# (૬) શ્રીમોટાના અપ્રગટ પત્રો

(૧)

તા.૨૧-૯-૧૯૬૦

પ્રિય ભાઈ...

જત, તમારો કાગળ મળ્યો. જગતમાં અને સંસારમાં જ્યારે આપણે કોઈને પણ સંતોષ ન આપી શકતાં હોઈએ ત્યારે તેનું મૂળ આપણામાં છે તેમ નક્કી પ્રમાણવું...તમને કેટલાય વખતથી હું જોઉં છું કે, સાચી વાત સાચી રીતે સ્વીકારવાની આપણી તૈયારી થયેલી અનુભવી શકતો નથી... કોઈ પણ ચીજનો દુરુપયોગ હું સહન કરી શકતો નથી, અને એવું જોઉં છું ત્યારે વ્યક્ત કરું છું.

તારી પોતાની પ્રકૃતિ અને સ્વભાવમાં અમુક પ્રકારની વિકૃતિ પ્રગટેલી છે અને નકારાત્મક વલણોનાં કૂંડાળાંમાં તું ફસાઈ ગયેલો છે. મને તારી સાથે જો દિલમાં દિલથી દિલનો પ્રેમભાવ પ્રગટેલો ન હોત તો કદી પણ તને હું મારી પાસે ટકવા દેત નહિ. મારા દિલમાં તારા માટે જે ભાવ છે અને એ ભાવને પણ સક્રિયપણામાં સહજમેળે ઉપયોગમાં પ્રવર્તાવવા પ્રભુકૃપાથી ચાલ્યા જ કરે છે. અમારી ધીરજને તો અંત નથી, તેમ છતાં અધીરાઈ પણ હોય છે. વિજ્ઞાનના પ્રયોગની જેમ અમોથી અમારી જાતને પ્રયોગથી સાબિત કરાવાઈ ચૂકેલી છે, એ ભગવાનની પરમ કૃપા છે. રિવૉલ્વરથી ગોળીથી માનવીનું એકદમ ખૂન કરી નાંખવું એ એક રીતે બહેતર છે, પણ વારંવાર મનમાં માનસિકપણે અન્યથાપણે-નકારાત્મકપણે વિચાર્યાં કરીને વારંવાર તેનું ખૂન કર્યા કરવું તે એક પ્રકારની હેવાનિયતભરી તેની ક્રૂર હાંસી રૂપે છે. એનો સાચો અર્થ તો એટલો જ કે આપણને તે વ્યક્તિ પરત્વે સાચો અંતરનો સદ્ભાવ પ્રગટેલો નથી. ખરેખરો સદ્ભાવ પ્રગટે ત્યારે અન્યથાપણું ટકી શકતું નથી. તે તેનું લક્ષણ ગણાય. મારે હજી તને વધુ ને વધુ દિલમાં દિલથી ચાહવો છે. મારી પાસે ચાહવા સિવાય બીજું કશું સાધન નથી. મેં તને પોતાનો માન્યો છે ને તારી સાથે પ્રેમ કરું છું એટલે જ તું વિશેષ રચનાત્મકપણે ઉજ્જ્વળતામાં પ્રગટતો જાય તો તે કલ્યાણનો હેતુ છે, અને તો જ જીવ્યું કંઈક કૃતાર્થ થાય. તારું અને મારું બન્નેનું.

કેટલીયેવાર આ જીવની-પ્રભુકૃપાથી જાગૃત અને જીવંત ચેતનાશક્તિના અનુભવ તને થયા છે. પ્રભુકૃપાથી એણે તત્ત્વજ્ઞાનનું અનેક રીતે પૃથક્કરણથી જે નિદાન કરેલું હોય છે તેની તેં અનેકવાર પ્રશંસા કરી છે, અને 'આવું કદી કોઈએ કહ્યું નથી અને આવી રીતે સમજાવ્યું નથી' (જોકે હું પોતે તેવું માનતો નથી) એમ તને બોલતાં મેં જાતોજાત સાંભળેલો છે. તો આવા બધા તારા ભાવોદ્ગારનો અર્થ શો ? જે બાજુમાં વૃત્તિ ઢળે તે બાજુનું તેવું વલણ હોય. કોઈકવાર સદ્ભાવમાં અને કોઈકવાર નકારાત્મકપણામાં એમ આપણે વહ્યાં કરીએ છીએ એમ એનો અર્થ તારવીએ તો તે પણ મને બંધબેસતો લાગતો

નથી... શરૂમાં જિજ્ઞાસુને કુસંસ્કારને ટાળવાને માટે-સમજી સમજીને તેને ટાળવાને માટે-તેની સામે તે તે પળોએ સત્‌સંસ્કારને પ્રગટાવી પ્રગટાવીને સામે મૂકીને કુસંસ્કારને ટાળવાના રહે છે. આવી પ્રક્રિયા જિજ્ઞાસુના મનમાં તેના હેતુના જ્ઞાન સાથે પ્રગટાવી કરવી ઘટે. આગળ જતાં જતાં જ્યારે તેનું આંતરિક બળ જાગૃત થાય ત્યારે તે કુસંસ્કારના બળને સહજમેળે ટાળી શકે છે. જ્યારે આ જીવ સાધનાની કોઈ અમુક કક્ષામાં હતો ત્યારે વાતાવરણમાંનાં બીજાં તત્ત્વોની શક્તિનાં બળો છે તેની અસર મારા આધાર ઉપર હતી. (જોકે તે તો વિજ્ઞાનસહજ તદ્દન સત્ય હકીકત છે તોયે) હું તો એમ જ સમજતો હતો કે તે મારા આધારને સ્પર્શે છે, તેનું કારણ મારામાં તેવા પ્રકારની ભૂમિકા છે. એટલે તે ભૂમિકાને જ પ્રભુકૃપાથી એવી પ્રગટાવવી કે જેથી કરીને તેમનું અસ્તિત્વ હોવા છતાં અને રહેવા છતાં તેનો સ્પર્શ થવા છતાં મુદ્દલે સ્પર્શી શકે નહિ... અનેકવાર મેં જાતે તારી બાબતમાં જોયું છે કે દોષનું મૂળ તું તારામાં જોઈ શકતો નથી-અને જ્યાં સુધી એવી આંતરમુખ નીરખવાની તારી દૃષ્ટિ નહિ વળી જાય ત્યાં સુધી કર્મનું નિમિત્ત કારણ બીજાં પર જ અવલોકવાની તારી દૃષ્ટિ રહ્યા કરવાની.

લિ. તારા મોટાના સપ્રેમ ઘણા ઘણા વહાલ

(૨)

પ્રિય બહેન...

તમે **'જીવનસોપાન'** (પૂજ્યશ્રી મોટાનો અક્ષરદેહ-સં)વાંચો છો, તે જાણી આનંદ થયો છે. વાંચતાં વાંચતાં તમને રસ પડે છે તે તો વળી ઘણું ઉત્તમ. એક તો આવું લખાણ વાંચવામાં તમે લક્ષ પરોવો છો એ જ મોટો ફેરફાર થયો એનું જ નામ પ્રભુની કૃપા કેવું કેવું ક્યાં ક્યાં કામ કરતી રહે છે !

પાન ૧૪મા પરનાં લખાણમાં સંતાત્મા પરત્વેનો પ્રેમ આપણને સલામત સ્થિતિમાં નહિ રહેવા દે તે નક્કી સમજવું. સલામત સ્થિતિ એટલે કે એકની એક સ્થિતિમાં તે આપણને પડી રહેવા નહિ જ દે. એ તો ઊલટપલટ કરાવ્યા જ કરવાના. જમીનમાં જો પકવવું હોય તો એને ઊંડાણથી ઊલટપલટ કરાવવી જ પડે છે ને સંસારવહેવારમાં પણ કોઈ પણ જીવની દશા એકની એક તો રહી શકતી જ નથી. કોઈ જીવ કોઈ ચેતેલા આત્માને તો પેલા સંબંધમાં આવનાર જીવનું જીવનનું કલ્યાણ ઇચ્છ્યું છે કે નહિ કે સંસારવહેવારનું હીત સાચવવું છે તેથી તેવા જીવનું જો ધન, આબરૂ, કીર્તિ, જશ, વૈભવ, વિલાસ કે એવી પરિસ્થિતિ કરી એનું જીવન કથળતું તે જાણે કે અનુભવે તો કોઈ કોઈ મહાત્મા લોક તેનું તેવું ધન દોલત પણ ખલાસ કરાવી દે છે ને એને ગરીબ પણ બનાવી દે છે. એવા પ્રસંગ જાતે જોયા ને જાણ્યા છે. એટલે તેવા લોકની સાથેના સંબંધથી જીવની એકની એક દશામાં રહ્યા કરવાનું ન પણ બને. એ તો ઊથલાવ્યા કરે. ઊથલપાથલ તો જીવનમાં થયા કરતી હોય છે, પણ એવી થતી રહેતી ઊથલપાથલમાં શ્રીપ્રભુની કૃપા કામ કરી રહેલી હોય છે એનું આપણને તેવી વેળા જ્ઞાનભાન

જાગતું હોતું નથી. જો તેવી વેળા તે પ્રભુની કૃપાનાં દર્શન અનુભવ આપણને તેવા તેવા ઊથલપાથલના સંજોગોમાં થયા કરે, તો તેનું જ નામ જ્ઞાન. ને એમ થતાં આપણને પછીથી કશા જ ઉધામા-કશા જ પ્રકારના રહેતા નથી ને જ્યાં જેમ થયા કરતું હોય, તેમાં એની કૃપા લીલાના ખેલ અનુભવાતા હોય છે ને જેમ મનમાં પરણ્યો ને મનમાં રાંડ્યો-એ જેમ પોતે એકલો એકલો સમજતો હોય તેમ તે એકલું તેવું તેવું સમજી સમજી આનંદ કર્યા કરે છે. હવે તમને ઉપલા વાક્યનો અર્થ સમજાયો હશે. તમે મને લખ્યું તે ઉત્તમ કર્યું છે. વારેઘડીએ આપણે તો એનો સ્મરણ યજ્ઞ જીવતો ચાલુ રહ્યા કરે તે ઉત્તમ છે. પ્રભુની કૃપા જો સાચી રીતે જોવા જઈએ તો તે દરેક જીવના જીવનમાં ભાગ ભજવી રહેલી હોય છે, પણ તે તેમ જીવવાનો સાચો પૂરો-પ્રયત્ન કરતો હોતો નથી.

આ જીવ પર તમારે ઘણો ઘણો ભાવ હોવાની જરૂર છે. **અહીં તો પ્રેમભાવ વિના ભૂખે મરી જઈએ છીએ. હૃદયનો સદ્‌ભાવ એ જ અમારો ખોરાક છે.** બીજું શું લખવું ? તમે તો જીવનમાં જેને તેને કાજે ઘસાયા જ કર્યું છે ને બીજાનું કામ કરેલું છે. તો હવે આ જીવનું કામ શું બાકી રાખશો ? માટે, તમારે કૃપા કરવી જ ને એનું નામસ્મરણ જેટલું લેવાય તેટલું લેશોજી ને **‘જીવનસોપાન’** પૂરી કરી **‘જીવનપ્રવેશ’** પણ વાંચવા વિનંતી છે.

એ જ લિ. તમારા મોટાના સપ્રેમ ઘણા ઘણા પ્રણામ. ❑

**(ચેતનનિષ્ઠને... અનુસંધાન પેજ નં. ૪નું ચાલુ)**

વિશેની સાચી સમજણ પડે.

એનો પરિચય કેવી રીતે થાય ? એનાં કોઈ લક્ષણ ખરાં ? હા, Wealth, sex and power- સંપત્તિ, વિષયવાસના અને સત્તાથી એ પર હોય, લાખો મળે છતાં એમાં બંધાયેલો ન હોય, એથી, એટલે કે વાસનાથી એ પર હોય, power કહેતાં સત્તાથી એ આવરાયેલો ન હોય, એની નમ્રતાનો અનુભવ થાય છે. આ એનાં લક્ષણો છે. એના અનુભવમાં આવો તો સમજણ પડી જાય. એને પછી પ્રેમથી, ઉમળકાથી વળગ્યા કરશો તો એ સરળમાં સરળ રસ્તો છે. આ સંસારમાં માતા, પિતા, પુત્ર, ભાઈ, બહેન વગેરે મળ્યાં છે, તેનું કારણ એની સાથે તેવું કર્મ ઊભું કર્યું એટલે એ મળ્યાં. તેમ સંતપુરુષ સાથે એવો સંબંધ થાય તો એને વધારવો. એથી એનો અંગત પરિચય થશે ને એમ કરતાં કરતાં એના પરિચયથી આપણે એને ઓળખી શકીશું. એમાંથી પછી જિજ્ઞાસા જાગશે, અને જિજ્ઞાસા જો સાચી હશે તો એ ગતિ કરાવશે. જિજ્ઞાસા સદાય ગતિમાન છે, એ તળાવનાં પાણી જેવી બંધિયાર નથી, પણ ગંગામૈયાના પ્રવાહ જેવી છે. કોઈ પણ લાગણી ગતિમાન છે, એટલે જિજ્ઞાસાની જો ગતિ ન થઈ તો એ ખોટી છે. એટલે સાચી જિજ્ઞાસા હંમેશાં ગતિ કરાવે, એટલે એવા આત્માની સાથે-જેની સાથે રાગ, પ્રેમ, ઉમળકો, લાગણી થઈ, **એના ગુણોનો પરિચય થયો અને જિજ્ઞાસા થઈ તો એવો એ આપણને ગતિ કરાવશે અને ઊંચે લઈ જશે. એમાં કોઈ ફેરફાર નથી.**

‘મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા’, બી. આ., પૃ. ૧ થી ૪ (સંકલન)❑

## (૭) વિપત્તિઓના વમળમાં



શ્રી નરેન્દ્રનાથ (સ્વામી વિવેકાનંદ)ના પિતા શ્રી વિશ્વનાથની ઈચ્છા હતી કે તેમનો પુત્ર એક તેજસ્વી ધારાશાસ્ત્રી બને. એ હેતુથી સારા સુવિખ્યાત વકીલને ત્યાં એક મદદનીશ તરીકે રાખ્યા હતા. તે ઉપરાંત, પુત્રને પરણાવી દેવાની પણ એમની યોજના હતી. કલકત્તાના એક વગદાર અને પૈસાદાર કુટુંબ સાથે સંબંધ અંગે વાતચીત ચાલતી હતી. એ સંબંધ બંધાય તો કુટુંબને ભારે દાયજો મળે અને નરેન્દ્રને ઉચ્ચ અભ્યાસ માટે ઈંગ્લૅંડ જવાનું ખર્ચ મળે તેમ હતું, પરંતુ શ્રી વિશ્વનાથનું એકાએક અવસાન થતાં બધી યોજના ભાંગી પડી. કુટુંબનો ભાર નરેન્દ્ર ઉપર આવ્યો. પોતાનો અપરિણીત રહેવાનો નિશ્ચય અફર હતો. કુટુંબના સભ્યો અને મિત્રો જ્યારે એને પરિણીત જીવન તથા ભવ્ય કારકિર્દીની વાતો કરતા ત્યારે નરેન્દ્ર જવાબ આપતો કે મને પણ ઘણીવાર ધન અને સત્તા સંપાદન કરીને કીર્તિ, પ્રતિષ્ઠા અને લોકચાહના મેળવવાની ઈચ્છા થઈ આવે છે, પરંતુ ઊંડું ચિંતન કરતાં મને જણાયું છે કે મૃત્યુ તો છેવટે આ બધાને ભરખી જવાનું છે ! તો પછી મૃત્યુ જેનો નાશ ન કરી શકે એવી મોટાઈ ઊભી કરવાની કડાકૂટમાં શા માટે ન પડવું ? આ અરસામાં શ્રીરામકૃષ્ણ પરમહંસ પાસે તેઓ જતા આવતા થયા હતા. શ્રી નરેન્દ્રનાં લગ્ન અંગેની વાટાઘાટો ભાંગી પડતી ત્યારે ત્યારે શ્રીરામકૃષ્ણ ખૂબ પ્રસન્ન થતા. ગુરુદેવની માન્યતા હતી કે નરેન્દ્રનાથ કોઈ એક જ વ્યક્તિનું પ્રીતિભાજન થવાને જન્મ્યો નથી, પરંતુ અનેક વ્યક્તિઓને તારવા માટે જન્મ્યો છે.

ઈ.સ. ૧૮૮૪માં નરેન્દ્રનાથે બી.એ.ની પરીક્ષા આપી, પરંતુ તેનું પરિણામ આવે તે પહેલાં તેમના પિતાશ્રી વિશ્વનાથ દત્તનું ઓચિંતું અવસાન થયું. આથી, કુટુંબની સ્થિતિ અત્યંત કફોડી બની ગઈ, કારણ કે શ્રી **વિશ્વનાથ તેમની ઉદારતાને કારણે આવક કરતાં ખર્ચ વધુ કરતા.** દુઃખનાં વાદળો ઘેરાયાં. લેણદારો બારણાં ખખડાવવા લાગ્યા, અને જેમના ઉપર પિતાએ અનેક ઉપકારો કર્યા હતા તે પણ દુશ્મનાવટ બતાવવા લાગ્યા, ક્યારેક ભૂખમરો વેઠવાની સ્થિતિ ઊભી થતી. નરેન્દ્રનાથે એલએલ.બી.નો અભ્યાસક્રમ શરૂ કર્યો, પણ **પગમાં પગરખાંની મુશ્કેલી હોય, વસ્ત્રો માટે જાડું કાપડ હોય અને કેટલીય વાર જમ્યા વિના કૉલેજ જવું પડે.** ભૂખ અને નબળાઈથી એમને ક્યારેક તમ્મર આવી જતા. મિત્રને ત્યાં જમવાનું બને તો ઘરની દુર્દશા નજર સમક્ષ તરી આવતાં જમ્યા વિના બહાનું કાઢી ઊભા થઈ જતા. ઘરમાં પોતે બને તેટલું ઓછું જમતા, પોતે મિત્રને ત્યાં જમી લીધું છે એવું કહીને ઘણીવાર ઘરમાં જમતા નહિ.

બળતામાં ઘી હોમાય એમ જે ઘરમાં શ્રી નરેન્દ્રનાથ રહેતા હતા તે અંગે અન્ય કુટુંબીઓ સાથે ઝઘડો થયો અને કોર્ટમાં દાવો માંડ્યો. ઘરની વાતો જાહેરમાં ચર્ચાય એ સ્થિતિ માતા-પુત્ર માટે અસહ્ય હતી. જાણે કે આભ તૂટી પડ્યું. દાવો લાંબો ચાલ્યો. છેવટે ઘર તો બચ્યું પણ સાધારણ અન્નવસ્ત્ર મેળવવા માટે નરેન્દ્રનાથને ઘણો સંઘર્ષ કરવો પડતો. જીવનનાં

આ કપરાં વર્ષોની વાત નરેન્દ્રનાથે જ કહી છે :

'પિતાના અવસાનનો શોક હજી ઊતર્યો ન હતો ત્યાં જ નોકરીની શોધમાં આથડવાનું મારા ઉપર આવી પડ્યું. હાથમાં અરજી લઈને ધોમ ધખતા તાપમાં જમ્યા વગર ઉઘાડે પગે હું એક ઑફિસમાંથી બીજી ઑફિસે ધક્કા ખાતો, પરંતુ દરેક સ્થળે મને જાકારો જ મળતો. જીવનની વાસ્તવિકતા સાથેના આ જગતમાં નિઃસ્વાર્થ સહાનુભૂતિ તો અત્યંત વિરલ વસ્તુ છે, આ જગતમાં દીન, દુર્બળ અને અકિંચન મનુષ્યો માટે જગ્યા નથી. **મને કેટલીક વાર એવો ભાવ થઈ આવતો કે આ જગત કોઈ શેતાનની કરામત છે.** એક દિવસ થાકીને લોથપોથ થઈને પગમાં પીડા થતી હોઈ એક છાંયડામાં હું બેસી ગયો હતો ત્યાં એક મિત્રે મને આશ્વાસન આપવાના હેતુથી, ઈશ્વરની અપાર કરુણા વિશે ગીત ગાવું શરૂ કર્યું. એ તો મને માથા ઉપર સખત ફટકા જેવું લાગ્યું. મારાં માતા અને ભાંડુઓની અસહાય દશા મને યાદ આવી ગઈ અને અંતર્વેદના અને નિરાશાથી હું બોલી ઊઠ્યો : 'હવે કૃપા કરીને તું એ ભજન બંધ કરીશ ? જેઓ જન્મથી જ શ્રીમંત હોય અને જેમને ઘરે ભૂખે મરતાં સગાંવહાલાં ન હોય તેઓને આ બધા તરંગો ગમે ખરા.' માત્ર મારા એક જ મિત્રે મને ખબર ન પડે તેમ મારી ગરીબ અવસ્થા જોઈ લીધી અને અવારનવાર મારી માતાને એણે અનામી મદદ મોકલ્યા કરી. આવી અનુકંપાથી એણે મને મહાન ઋણી કર્યો છે.'

ખોટે રસ્તે ગુજરાન ચલાવતા મારા કેટલાક જૂના મિત્રોએ મને એમની સાથે ભળવાનું કહ્યું. મારી ગરીબીના દિવસોનો અંત આણવા એક પૈસાદાર સ્ત્રીએ અઘટિત કહેણ મોકલ્યું. બીજી એક સ્ત્રીએ પણ એવી દરખાસ્ત મૂકી. મેં એમને કહ્યું કે આ બધી મલિન વાસનાઓ છોડીને ઈશ્વરનું સ્મરણ કર. **આટલી બધી તકલીફો છતાં ઈશ્વરના અસ્તિત્વ વિશે, એની કરુણા વિશે મેં શ્રદ્ધા ગુમાવી નહિ.** દરરોજ સવારે ઈશ્વરનું નામ લઈને હું ઊઠતો અને નોકરી શોધવા નીકળી પડતો. એક દિવસ મારી માતા આ સાંભળી ગઈ અને ખિજાઈને બોલી ઊઠી, 'ચૂપ રહે, મૂર્ખા ! બચપણથી જ ઈશ્વર માટે તું બરાડા પાડી રહ્યો છે, પણ એણે તારા માટે શું કર્યું છે ?' આ શબ્દો મને અત્યંત ડંખી રહ્યા. હું ઈશ્વર ઉપર ઘણો જ છેડાઈ પડ્યો અને મારા ચિત્તમાં શંકાનો પ્રવેશ થવા માટે આ અત્યંત અનુકૂળ મોકો ઊભો થયો.

કોઈ વસ્તુ ગુપ્ત કરવાનું તો મારા સ્વભાવમાં જ ન હતું. એટલે હવે તો 'ઈશ્વર એક ધતિંગ જ છે, અથવા એનું અસ્તિત્વ હોય તોપણ એની પ્રાર્થના કરવાનો કશો અર્થ નથી.' એવું જગત સમક્ષ પુરવાર કરવા નીકળી પડવું એ મારે માટે સહજ હતું. પરિણામે તરત જ વાતો થવા લાગી કે હું તો નાસ્તિક થઈ ગયો છું અને શરાબ તથા ચારિત્ર્યહીનતાનો ભોગ બન્યો છું. આવી ખોટી નિંદાથી તો મારું મન વધારે નઠોર થયું અને મેં છડેચોક જાહેર કર્યું કે આ દુઃખી જગતમાં થોડીવાર દુઃખ વીસરવા માટે કોઈ મનુષ્ય ગમે તેવી વસ્તુનો આશ્રય લે તો એમાં કશું નિંદ્ય નથી.

આ વાત મરચાંમીઠાં સહિત શ્રીરામકૃષ્ણને તથા એમના શિષ્યોને કાને પહોંચી, પણ શ્રીરામકૃષ્ણે આ બધી વાતો ઠંડે કલેજે સાંભળી

**(અનુસંધાન પેજ નં. ૨૪ પર)**

# (૮) સાધનાવિચાર

શ્રીદયાનંદ તીર્થ (દાસાનુદાસ)

વિદ્યા વિનાનો માનવી પશુ જેવો છે. સ્કૂલમાં ભણીએ છીએ તે વિદ્યા કહેવાય છે. એ રીતે ઘરકામમાં મદદ કરવી એ વિદ્યા કહેવાય છે. રસોઈ બનાવવામાં તથા પીરસવામાં પણ ચપળતા રાખવી એને વિદ્યા કહેવાય.

વધુ પડતું જમવું એ હાનિકારક છે, તેમ વધુ પડતું પીરસવું એ પણ હાનિકારક છે કેમ કે સામાને વધુ પડતું ખાવું પડતું તો એના શરીરને હાનિ થાય અને ન ખાય અને રહેવા દે તો અન્નદેવનું અપમાન થયું કહેવાય.

જ્યારે ફુરસદ મળે ત્યારે મોઢા ઉપર મૌનનું અને નેત્રો ઉપર શૂન્યતાનું તાળું લગાવતા રહેવું. જીવનવ્યવહારમાં અન્નદેવ એ શ્રેષ્ઠ દેવ છે. અન્નથી અને જળથી તો આપણે જીવનને મજબૂત રીતે જીવી શકીએ છીએ અને વાયુ તથા પ્રકાશથી આપણે આપણા જીવનને ટકાવી શકીએ છીએ. જળ, વાયુ અને પ્રકાશ વધુ પ્રમાણમાં લેવા પણ અન્ન તો જોઈતા પ્રમાણમાં જ લેવું. સ્વાદને વશ થઈને વધુ પડતું ખાવાથી આપણું તન અને મન બન્ને બગડે છે.

જેમ ધ્યાનમાં બેસવા માટે પૂર્ણ એકાંતની જરૂર છે તેમ વિદ્યાભ્યાસ-વાંચન માટે એકાંતની જરૂર છે. ચિત્તમાં સ્થિર બનીને વાંચવાથી વાંચેલું સારી રીતે યાદ રહે છે. ‘અતિ સર્વદા વર્જિતમ્’ એ રીતે વધુ પડતા સહવાસો રાખવા એ આપણા જીવનને બોજારૂપ છે. ખપ પૂરતાં એકાદ બે મિત્રો રાખવા કે જેથી આપણને પ્રસંગોપાત્ત સલાહ-સૂચના તથા સાંત્વન મળી રહે.

જેમ ખોરાકમાં મિતાહારીપણું શ્રેષ્ઠ છે તેમ બોલવામાં પણ મિતભાષીપણું શ્રેષ્ઠ છે, ખપ પૂરતું જ બોલવું, સત્ય બોલવું અને વિનય, વિવેક સચવાઈ રહે એ રીતે મીઠાશથી નમ્રતાપૂર્વક સર્વેની સાથે બોલવું જોઈએ.

માતાપિતા એ આપણા શ્રેષ્ઠ દેવી-દેવતા છે, શ્રેષ્ઠ ગુરુ છે, વંદનીય છે-માટે સદા એમની આજ્ઞા પાળવી. આપણાં ભાઈ-બહેનો એ જ આપણા શ્રેષ્ઠ મિત્રો છે માટે ઘરમાં બધાંની સાથે હળીમળીને રહેવું. મોટાંઓની દરેક પ્રસંગે સલાહ લેવી અને નાનાંઓની દરેક પ્રસંગે સંભાળ રાખવી.

બહાર હરવાફરવામાં પણ આપણા નિકટના પોતાના જ માણસો સાથે ફરવું અને ફુરસદે તેમની જ સાથે બેસવું-ઊઠવું. વાણીમાં મીઠાશ, માતાપિતાની આજ્ઞા અને અન્ય સર્વે નાનાંમોટાં પ્રત્યેનો વિવેક ખાસ સાચવવો. જેના ગુણ-દુર્ગુણ આપણે જાણતાં નથી તેના સહવાસમાં વધુ પડતું રહેવું એ ક્યારેક હાનિકર્તા છે. એ કરતાં ફુરસદે સારું વાંચન વાંચવું એ શ્રેષ્ઠ છે. એમાં આપણને ઘણું જ જાણવાનું મળે છે.

શ્રેષ્ઠ પુરુષોનાં જીવનચરિત્રો વાંચીને તેમના જેવું જીવન જીવવા માટે દૃઢ આગ્રહ રાખવો. પરગામમાં, એકાંતમાં અને અંધકારમાં અજાણ્યાનો સહવાસ આપણને હાનિકર્તા છે.

જેમ નાની ઉંમરમાં આપણામાં બાળકપણું

હોય છે તેમ પુખ્ત ઉંમરે આપણામાં સ્ત્રીપણું અને 'મા'પણું પ્રાપ્ત હોય છે. લગ્ન પહેલાં આપણે આપણામાં ભૂલેચૂકે પણ સ્ત્રીપણું પ્રગટે નહિ તેને માટે વધુમાં વધુ માતૃત્વ પ્રગટાવવું જોઈએ. ઈશ્વરની સાધના એકાંત અને અંધકારમાં થાય છે અને વ્યવહારની ભૂલો પણ એકાંત અને અંધકારમાં જ થાય છે માટે એકાંત અને અંધકારથી પૂર્ણ જાગૃત રહેવું.

મા એટલે બાળકને જન્મ આપનાર જ નહિ, પણ બાળકને પ્રેમ આપનાર, સંસ્કાર આપનાર, આશ્વાસન આપનાર પણ મા કહેવાય છે અને જો થતી ઉંમરમાં આપણામાં આ રીતનું 'મા'પણું પ્રગટે તો જ્યારે આગળ ઉપર આપણે સંસારી બનીએ ત્યારે આપણાં બાળકોનો ઉછેર કરવામાં 'મા'પણું એટલું બધું સહાયક નીવડે છે કે આખું કુટુંબ આપણી સાથે બાળક જેવા નિર્દોષ ભાવથી વર્તે છે અને જીવનમાં શાંતિ, સંતોષ અને આનંદ પ્રાપ્ત થાય છે. આપણે આપણા જીવનમાં સૌ પ્રથમ પ્રેમને પ્રગટાવતાં શીખવું જોઈએ. **પ્રેમ વિનાનું જીવન એ મૃત્યુ કહેવાય છે, પણ યાદ રાખો પ્રેમ પવિત્ર છે, વિશાળ છે અને નિઃસ્વાર્થ છે.**

ધ્યાનમાં બેસવાની ટેવ થયા પછી ઘરમાં નાનાંમોટાં બધાંની લાગણીપૂર્વક સંભાળ રાખવા માટે ધ્યાન રાખો. એ પણ એક પ્રકારની ભક્તિ જ છે અને તેમાં પણ પ્રેમપૂર્વક ધ્યાન રાખવું એ તો શ્રેષ્ઠ પ્રભુભક્તિ છે, કેમ કે પ્રેમ એ તો પ્રભુનો દિવ્ય પ્રકાશ છે. એ પ્રેમથી જ પરમાત્માને જાણી શકાય છે, પામી શકાય છે અને પ્રેમથી જ આપણું જીવન દિવ્ય બને છે. પ્રેમ એ આત્મામાંથી નીકળતું પવિત્ર ઝરણું છે અને તેમાં આપણે આપણા તન-મનને સ્નાન કરાવીને શુદ્ધ રાખવાનાં છે. જ્યાં પ્રેમ નથી ત્યાં જીવન નથી, પણ એક જાતની વેઠ છે, ઢસરડો છે. જ્યાં પ્રેમ છે ત્યાં રાગ નથી, દ્વેષ નથી, વિકાર નથી. જીવનને દિવ્ય બનાવવું હોય તો બધાં સાથે પ્રેમથી વર્તો. યાદ રાખજો એમાં ખૂબ સહનશક્તિ જોઈશે...હાં કે !

જીવનમાં શાંતિ, સંતોષ અને આનંદની પ્રાપ્તિ માટે ધ્યાનયોગ શ્રેષ્ઠ છે. ધ્યાન એટલે આપણી દૃષ્ટિનું દ્રષ્ટાપુરુષ સાથેનું મિલન. નેત્ર દ્વારા બહાર દૂરદૂર જતી નજરને પાછી વાળીને અંતઃકરણમાં સ્થિર કરવાથી તે નજર મટી જઈને દૃષ્ટિ કહેવાય છે. દ્રષ્ટાપુરુષ એટલે ચિત્ત. ચિત્તનો ધર્મ છે જોવાનો. આપણા જીવનની બધી જ ક્રિયાઓને ચિત્ત દ્વારા જોઈ રહેવાથી ચિત્તમાં રહેલી ચેતના એ દ્રષ્ટાપુરુષ કહેવાય છે. અને લલાટ સ્થાને ભ્રૂકુટિની મધ્યમાં દ્રષ્ટાની સાથે આપણે આપણી દૃષ્ટિને સ્થિર કરવી તેને ધ્યાન કહેવાય છે. આમ જોઈએ તો નેત્ર અને લલાટમાં જવા માટે પ્રથમ તો નેત્રમાંથી નાભિમાં, પછી હૃદયમાં અને પછી કંઠમાં થઈને લલાટમાં જવાનું હોય છે. એ રીતે વ્યવસ્થિતપણે ક્રમેક્રમે ઉપર જવાથી આપણા મનબુદ્ધિ શાંત બને છે. જે માણસો નેત્રમાંથી સીધા જ લલાટમાં જાય છે તેનાં મનબુદ્ધિ ચંચળ રહેવાથી તેઓ સ્થિરતાનો અનુભવ પામી શકતા નથી. ઉપરાંત, તેમના માથાના બન્ને તરફનાં લમણાં ખૂબ જ દુઃખે

છે. **શ્વાસમાં હરિનો વાસ છે.** જે શ્વાસને ઓળખે છે તે ઈશ્વરને ઝટ ઓળખી શકે છે, કેમ કે **શ્વાસનો સ્વામી પ્રાણ છે, પ્રાણનો સ્વામી ચેતના છે અને ચેતનાનો સ્વામી પરમાત્મા છે.** તેથી આત્માપરમાત્માનું ઐક્ય સાધવા માટેનું શ્રેષ્ઠ સાધન શ્વાસોશ્વાસમાં સ્થિરતા સાધવાપણું છે. દુનિયાને ઓળખવી હોય તો તમે તમને ઓળખો અને તેને માટે શરીરને સ્થિર કરો, મનને ચૂપ કરો, દૃષ્ટિને અંતર્મુખ કરો.

સિદ્ધિઓ મેળવવા સાધના મૂળાધારથી શરૂ થાય છે, કેમ કે ત્યાં રિદ્ધિસિદ્ધિના સ્વામી ગણપતિનું સ્થાન છે, પરંતુ આત્માનો અનંત આનંદ મેળવવાની સાધના નાભિથી શરૂ થાય છે, કેમ કે ત્યાં બ્રહ્મા છે, હૃદયમાં વિષ્ણુ છે અને લલાટમાં મહેશ છે. એથી આગળ અનંત શક્તિ છે અને અંતે અનંત ઈશ્વર છે.

નાક દ્વારા લીધેલો શ્વાસ નાભિમાં જાય છે. નાભિમાં સમાનવાયુ રહેલો છે. જ્યારે શ્વાસ નાભિમાં જાય છે ત્યારે નાભિમાં રહેલો સમાનવાયુ હૃદય તરફ જાય છે. હૃદયમાં પ્રાણવાયુ રહેલો છે. જ્યારે સમાનવાયુ હૃદયમાં જાય છે ત્યારે હૃદયમાં રહેલો પ્રાણવાયુ કંઠ તરફ જાય છે. કંઠમાં ઉદાનવાયુ રહેલો છે. જ્યારે પ્રાણવાયુ કંઠમાં જાય છે ત્યારે કંઠમાં રહેલો ઉદાનવાયુ લલાટ તરફ જાય છે. લલાટમાં ચિત્તનું સ્થાન છે. ચિત્ત એટલે ચેતનાનો કિનારો. જ્યારે ઉદાનવાયુ લલાટમાં જાય છે ત્યારે લલાટમાં રહેલી ચેતના મહાચેતનામાં ભળી જાય છે. મહાચેતના એટલે ચંદામૃતથી અલક્ષ સુધીનો ચેતનાનો સમૂહ ૐ અનંત શક્તિ છે અને અંતે અનંત ઈશ્વર છે અને આ રીતે આપણી ચેતના એટલે કે લલાટમાં ચિત્તસ્થાને રહેલો દ્રષ્ટાપુરુષ, અનંત ચેતનામાં દર્શન પામીને અનંત આનંદના મહાસાગરની દિવ્ય શાંતિ અને દિવ્ય આનંદને પ્રાપ્ત કરે છે. એ વખતે આપણી દૃષ્ટિનું નામ બદલાઈ જાય છે અને તેને સુરતા કહે છે, મહાપુરુષો કહી ગયા છે કે ‘જેની સુરતા શામળિયા સાથ, વદે વેદ વાણી રે...’ આ જગ્યાએ શામળિયો એટલે અનંત ચેતનાનો મહાસાગર. તેનો રંગ શ્યામ છતાં સુંદર છે, ઝળહળતો તેજપુંજ છે.

જ્યાં દ્રષ્ટા, દૃષ્ટિ અને દૃશ્ય એકમેકમાં ઓગળી જાય છે ત્યાં જીવાત્માને સમાધિ અવસ્થા પ્રાપ્ત થાય છે. તે વેળા આપણે બીજાના ગુણ અને આપણા અવગુણ સતત જોયા કરીએ તો જ ગુણિયલ થઈએ. જીવ મટીને શિવ થઈ જઈએ છીએ. પણ કેટલો કાળ ? એક ક્ષણમાત્ર. આ રીતે ક્ષણમાત્રના શિવતત્ત્વના સ્વાનુભવનો આનંદ આપણને રાતદિવસ રહ્યા કરે છે.

જીવનમાં પ્રાપ્ત થતા પ્રસંગો તો અલ્પકાળમાં જ બને છે, પણ તે પ્રસંગોમાંથી પ્રાપ્ત થતા હર્ષ કે શોકની યાદી મૃત્યુપર્યંત રહે છે. એ રીતા આ ધ્યાનનો આનંદ આપણને જીવનભર યાદ રહે છે અને જ્યારે યાદ આવે ત્યારે ચોવીસે કલાક જાણે આપણે કોઈ દિવ્ય આનંદને લૂંટતાં હોઈએ એવો અનુભવ થયા કરે છે. ૐ ૐ

‘શ્વાસમાં હરિનો વાસ’, પ્ર.આ., પૃ. ૧૮ થી ૨૩ ❑

# (૯) રાંધેલી રસોઈને જમી લો

હરિઃૐ

**ગુરુ કો શિર પર રાખિયે, ચલિએ આજ્ઞા માંહિ**
**કહૈ કબીર તા દાસ કો, તીન લોક ભય નાહિ.**
**પ્રભુતા કો સબહી ભજે, પ્રભુ કો ભજે ના કોઈ,**
**જો કોઈ પ્રભુ કો ભજે, તો પ્રભુતા દાસી હોય.**

રાંધેલી રસોઈ છે. ખાંચાપીચા કર્યા વગર ખાઈ લો. મજૂરી રામલાએ કરી છે. આવાં અસંગ વચન પરમકૃપાળુ પરમાત્મા શ્રીમદ્ રામજીબાપા કહેતા. આપણને પુરાણપુરુષ પરમાત્મા મળ્યા એ રાંધેલી રસોઈ મળી છે. સાદી ને સરળ શૈલી પણ સાંભળનારના હૃદયને ભેદી નાખે એવી ! આપણે જ્યાં વસતાં હોઈએ, જે વ્યવસાય કરતાં હોઈએ તે કરતાં કરતાં, ગૃહસ્થાશ્રમમાં રહીને ફરજો બજાવતાં પરમાત્માનું દર્શન આપણને અંદર અને બહાર સર્વમાં થાય, **ક્યાંય બહાર જવાની ને શોધવાની જરૂર જ નથી. જે છે તે તમારી અંદર જ છે,** આવી સચોટ વાત તેઓશ્રી કરતા.

પુંજીરામભાઈ શાસ્ત્રી કરીને વિદ્વાન શિક્ષક હતા. તેઓ શાસ્ત્રજ્ઞ હતા. શાસ્ત્રીજીને એક વખત વૈરાગ્યના ભાવોમાં સંસારત્યાગ કરવાની ઈચ્છા થઈ. તેમણે રામજીબાપા સમક્ષ પોતાનો મનોભાવ દર્શાવ્યો. ત્યારે પ્રભુશ્રીએ કહ્યું કે-આ પ્રમાણે આવેશને આધીન થઈ-નાસી જવાથી કાંઈ કલ્યાણ થશે નહિ. તમે નાસીને ક્યાં જશો ? જ્યાં જશો ત્યાં તમારું મન તો સાથે જ આવશે. જ્યાં જશો ત્યાં ખાવા, પીવા, રહેવા ઘર ને પહેરવા તો જોઈશે જ. આવડો મોટો નવો આરંભ કરવા કરતાં ઘર શું ખોટું છે ? માટે આવા ખોટા વિચારો છોડી દઈ સંસારમાં રહીને આત્મચિંતન કરો તો જલદી કલ્યાણ થઈ શકશે. ભગવાન કાંઈ જંગલમાં તમારી રાહ જોઈને બેઠા નથી. ભગવાન તો હૃદયમાં છે. જેઓ ગૃહસ્થાશ્રમની ફરજોથી કંટાળીને નાસી જાય છે તેઓ કાયર છે અને કાયરને કદી જ્ઞાન થતું નથી. માટે તમે સંસારમાં રહીને જ સાધના કરો. આવી અમૂલ્ય વાત સાંભળી પુંજીરામભાઈ સ્તબ્ધ બની ગયા અને સાધુ થવાના વિચાર છોડી દઈ સંસારમાં રહીને સાધના કરવા લાગ્યા.

પ્રભુશ્રી કહેતા કે વહાલા ! આત્માને ઊજળો કરવો તે તમારા હાથમાં છે. ક્રોધ ના કરવો તે તમારા હાથમાં છે. શાંતિ રાખવી એ તમારા હાથમાં છે. જ્યાં જાઓ ત્યાં તમે ને તમે જ છો. આપણને સંસાર કડવો લાગે છે તે પણ કષાય છે. ગામ છોડીને તમે જશો પણ જ્યાં જઈએ ત્યાં સંસાર ને સંસાર કે બીજું કાંઈ ? જે ગામ, જે મુલક, ખંડ કે બ્રહ્માંડમાં, વસ્તીમાં કે વનમાં જ્યાં જઈએ ત્યાં સંસાર જ છે. પણ તમોને માંયથી કષાય મટે, કંટાળો મટે તો જ્યાં જાઓ ત્યાં સુખીયા થાવ, માટે સુખિયા થવું હોય તો ધરતી જેવી ધીરજવાળા થાઓ, પાણી જેવા થાવ, સમુદ્ર જેવા થાવ, તે સુખના ઢગલા છે.

એક ભાઈએ બાવજીશ્રી (રામજીબાપા)ને પૂછ્યું કે-અત્યારે કથાઓ અને વ્યાખ્યાનો ઘણાં થાય છે, કહો કે ઉપદેશકોનો રાફડો ફાટ્યો છે, છતાં પણ લોકમાનસ પર એની છાપ કેમ પડતી નથી ? જવાબમાં બાવજીએ જે કહ્યું તેનો સાર એવો છે કે-મહાપુરુષોની વાણી છે તે પોતાનું અનુભવજ્ઞાન છે. તે વાણી આત્માને સ્પર્શીને દાસોહં ભાવે બહાર આવે છે. વળી, પોતે સમર્થ છતાં સદ્ગુરુ અથવા ઈશ્વરનો આશ્રય લઈ બોલે

છે. પોતાપણે બોલતા નથી. તેઓ કરે તેટલું જ કહે છે ને કહે તેટલું જ કરે છે. તેથી જ્ઞાનીની વાણી જીવોના હૃદયમાં સોંસરી ઊતરી જાય છે. જ્યારે શાસ્ત્ર અભ્યાસી હોય તે મહાપુરુષોની વાણી કંઠસ્થ કરી અહંપણે લોકોને ઉપદેશ કરે છે. વાણી મહાપુરુષોની હોય અને પોતે કહે છે એમ અહંકારથી વ્યાખ્યાન આપે છે. મહાપુરુષોના નામને આગળ કરી, મહાપુરુષોના નામનો આશ્રય લઈ નથી બોલતા. મહાપુરુષ પાસેથી સાંભળ્યું હોય, શાસ્ત્રમાં વાંચ્યું હોય તેમાં પોતાનો મત ઉમેરી પોતાપણે વાણી બોલે, વળી, બોલવા પ્રમાણે આચરણ પણ કરતા ના હોય, એટલે લોકમાનસ પર છાપ પડતી નથી. તેથી લોકો સાંભળે એટલે લીન થઈ જાય પણ પછી હતા તેમના તેમ. જીવનનો પલટો ના કરે. બાવજી કહેતા :

**પંડિત ઔર મશાલચી, ઉનકી યેહિ રીત,**
**ઔરન કો ઉપદેશ દે, આપ અંધેરે બીચ.**

કોઈ સત્કાર કરે તો કહેતા કે, 'આ માટીના દેહનો શું સત્કાર' ! કહેતા કે માનીયા (માન) મોહનીયા (મોહ)ને જાળવજો. આત્માને ભેગા રાખી બધાં કામ કરવાં જેથી ભૂલ ના થાય. જગતમાં આશ્ચર્ય પામવા જેવો પોતાનો આત્મા જ છે. દેહને પાછળ રાખી અને આત્માને આગળ રાખી વર્તન કરજો. તમારા માટે કાંટા પાથરે તેના માટે તમે ફૂલ પાથરજો. કાંટાથીયે વેર કરશો તો વાયરાની સહાય લઈ વાટમાં પડીને વાગશે. સામો માણસ થાય આગ તો આપણે થઈએ પાણી. કહેતા કે ગામનો કચરો તો ભંગિયાં વાળે માટે આપણે તો આપણા ઘર (અંતર)નો કચરો વાળવો.

'કેવળજ્ઞાન', પ્ર.આ.; પ્રસ્તાવના (સંકલન) ❑

**(જપથી સિદ્ધિ... અનુસંધાન પેજ નં. ૯નું ચાલુ)**

ભેગી મળીને વાણી બને છે. અહીં વાણી શક્તિશાળી બને છે, પરંતુ વાણીમાં રહેલા આસુરી તત્ત્વને કાઢવું પડે છે. ભાવના વડે વાણીને Divinised-દિવ્ય કરવી પડે છે. વાણી એ જ ઓજ છે. Science-વિજ્ઞાનને આ જાણવાનું બાકી છે. મરેલા માણસના જો પૃથ્વી અને જલ કણ ભેગા કરીને Charge શક્તિ-સંપન્ન કરવામાં આવે તો માણસ જીવન મેળવે છે. પ્રાણ છે એ Objective-જડ છે. તેથી Oxygen મરતા માણસ પર થોડી અસર કરે છે, **પરંતુ એક સમય એવો આવશે જ્યારે સાયન્સ-વિજ્ઞાન વાણીથી મૃત મનુષ્યને જીવન આપી શકશે, કારણ કે વાણીમાં Subjectivity ચેતન છે.**

પણ આ લેક્ચર-ભાષણ સાંભળવાથી વૈજ્ઞાનિક થવાતું નથી. પ્રયોગશાળામાં પ્રયોગ કરવા પડે છે. આ આંતરવિજ્ઞાન છે. અહીં અજાગ્રત નહિ પણ સદા જાગ્રત રહેવું પડે છે. આ ખાતરીવાળું વિજ્ઞાન છે, આની પાછળ ત્યાગ કરવો પડે. તમે જેટલા બહિર્મુખથી વિમુખ થશો, એટલા જ અંતર્મુખ થઈ શકશો. પુસ્તકો વાંચીને, આત્માની વાતો કરવાથી આત્મપ્રાપ્તિ થતી નથી. એને માટે મન અને પ્રાણની ગતિ જોઈએ. ખુરશીમાં બેઠાં બેઠાં નકશામાં દિલ્હી બતાવી શકાય, પણ દિલ્હી જોવા માટે તો પ્રવાસ કરવો પડે. મંત્ર એ વિજ્ઞાન છે. જેનાથી જીવન મળે છે અને જીવન એ જ મહાસિદ્ધિ છે. આપણાથી મોટી સિદ્ધિ કઈ ? First Person પ્રથમ પુરુષ બનો, સર્વત્ર તમે જ તમારી જાતને બધામાં જુઓ.

'પ્રજ્ઞારસ માધુરી', પુષ્પ-૧, (પૃ.૫૭ થી ૬૦ સંકલન)
શ્રીસદાશિવ આશ્રમ, મોટેરા, સાબરમતી, અમદાવાદ-૫. ❑

# (૧૦) 'શબ્દ'ની વૈજ્ઞાનિક સમજ

શ્રીમોટા

આજકાલ ઘણા બુદ્ધિવાળા લોકો કહે છે કે ભગવાનનું નામ બોલવાથી શું થાય ? વળી એમ પણ કહે છે કે બીજાં વિજ્ઞાનની જેમ આ શુદ્ધ વૈજ્ઞાનિક હકીકત નથી, પણ અમે કહીએ છીએ કે આ વૈજ્ઞાનિક હકીકત છે, ભગવાનના નામથી ઘણું થઈ શકે છે.

આપણા બ્રહ્માંડમાં પાંચ તત્ત્વો છે. આકાશ, તેજ, વાયુ, જળ અને પૃથ્વી. બધાં નક્ષત્રોમાં પાંચે તત્ત્વો નથી. કેટલાકમાં માત્ર તેજનાં જ તત્ત્વ હોય છે. એવાં ઘણાં છે. વળી, થોડાં આકાશ, તેજ અને વાયુવાળાં છે. તેમ જ આકાશ, તેજ, વાયુ અને જળવાળાં થોડાં, પણ આપણી પૃથ્વી પર પાંચે તત્ત્વો છે. એ પાંચે તત્ત્વોમાંથી menifestation (વ્યક્તવ્ય) જે થાય તે અહીં છે. એમાં આકાશનું વ્યક્તત્વ શબ્દ, તેજનું વ્યક્તત્વ રૂપ, વાયુનું વ્યક્તત્વ સ્પર્શ, જળનું વ્યક્તત્વ રસ અને પૃથ્વીનું વ્યક્તત્વ સુગંધ છે. જે શબ્દ છે એ ભાવનાવાચક છે. એટલે જ્યારે જે મૂળ શબ્દો હશે અથવા પહેલાં જ્યારે મનુષ્ય હશે અને પહેલાં જે મૂળ શબ્દ હશે તે બહુ આકર્ષક હશે. બાળક પહેલવહેલું 'મા' બોલે છે અને તે એને બહુ આકર્ષક હોય છે. એ નવ માસ સુધી માના પેટમાં રહેલું હોય છે. એટલે તેનું આકર્ષણ મા સાથે ખૂબ હોય છે. તેમ જ જ્યારે માનવી પહેલાં જે હશે તેનું આકર્ષણ અજ્ઞાત રીતે (unconsciously) ચેતન તરફ હતું. કારણ એની વૃત્તિ બહિર્મુખ ન હતી. ભાષાનું સાધન હતું નહિ. ત્યારે બહુ સુધારાની દશામાં ન હતા. ત્યારે કદાચ કપડાં પણ પહેરતાં ન હોઈએ એથી કરીને જેને સંસ્કૃતિ કે અંતર્મુખતા કહીએ તે કાળમાં વિશેષ પ્રમાણમાં હશે.

પણ જ્યારે જે પ્રજાને જંગલી અવસ્થામાં હતી એમ કહીએ છીએ તે ઋગ્વેદનો કાળ હતો કે તે પહેલાંનો સમય (આજથી લગભગ ઈ.સ. પૂર્વે દશ હજાર વર્ષ) ત્યારે ઋગ્વેદ રચાયો અને એની ઋચાઓ ઋષિમુનિઓ ઉચ્ચારતા. કારણ, શબ્દ પરત્વે તેમનું આકર્ષણ હતું.

પહેલાં જેમ અંધારું હોય અને પછી જેમ પ્રકાશ થાય તેમ પહેલાં જે સ્થિતિ હતી તેમાંથી જે સંસ્કૃતિ જન્મી તેના પહેલાં એનો impact (પ્રભાવ) તો હોય જ છે. અંધારામાં જેમ પ્રકાશનો impact હોય જ છે એટલે તે જમાનાનું કે ઋગ્વેદના તે કાળનું કોઈ અધ્યયન કરે તો કોઈને પણ લાગે કે તેઓ આપણા કરતાં વધારે સંસ્કૃત હતા. કદાચ સુધરેલા ન હોય પણ વધારે સંસ્કૃત હતા. અંતર્મુખ તો હતા જ. દુનિયાની કોઈ પણ સંસ્કૃતિ કરતાં આપણે તે કાળમાં ઉચ્ચ સ્થાને હતાં.

મૂળવાત પર જ્યારે આપણે બોલી શકતાં ન હતાં, જે જંગલી અવસ્થા હતી ત્યારે શબ્દનું વ્યક્તત્વ થયું. મારો પ્રવચનનો મૂળ હેતુ શબ્દનું મહત્ત્વ છે. આજે પણ જો શબ્દ ન હોય તો ખૂબ ગૂંચવાડો થઈ જાય. કોઈ માણસ મૌન

પાળતો હોય તો લખીને આપવું પડે.

**શબ્દ આકાશમાંથી નીકળ્યો છે.** એ બ્રહ્મવાચક, ચેતનાવાચક અને ભાવનાવાચક છે. એમાં જ્યારે નિરંતરતા-અખંડતા પ્રગટે ત્યારે આપણું જોડાણ આકાશતત્ત્વ સાથે થતું હોય છે. શરીર પંચતત્ત્વનું બનેલું છે એ તો હકીકત છે. આપણામાં આકાશ, તેજ, વાયુ, જળ અને પૃથ્વીનાં તત્ત્વો છે.

શબ્દનો સંબંધ આકાશ સાથે છે, એનો જન્મ આકાશમાંથી થાય છે. જો શબ્દની નિરંતરતા એકધારી પ્રગટે તો આપણામાં આકાશતત્ત્વ ખીલે અને વળી આકાશનો સંબંધ ગુણ સાથેય હોય છે. ગુણ ત્રણ છે : સત્ત્વ, રજસ અને તમસ. આકાશનો સંબંધ સત્ત્વ સાથે હોય છે. રજસનો તેજ અને વાયુ સાથે. તમસનો જળ અને પૃથ્વી સાથે સંબંધ હોય છે. હવે જ્યારે શબ્દમાં નિરંતરતા પ્રગટે ત્યારે આકાશતત્ત્વ ખીલે અને એ ખીલે ત્યારે એનો સંબંધ સત્ત્વ સાથે હોય. સત્ત્વનો વિસ્તાર થવા માંડે અને એમ થતાં આપણી જીવદશા મોળી પડે-એટલે કે કામ, ક્રોધ, તૃષ્ણા, લોભ, મોહ, મદ, મત્સર વગેરે મોળાં પડે. જો આપણે જીવદશાની વૃત્તિઓને એક પછી એક મોળી પાડવા માગીએ તો જિંદગી વહી જાય. કોઈક એક ગુણ આપણે નિર્મૂળ ન કરી શકીએ, અને એને નિર્મૂળ કરવા માગીએ તો એની સાથે બીજાં બધાં સંકળાયેલાં છે.

એ નિર્મૂળ કરતાં બધાંને નિર્મૂળ કરવાં પડે. એટલે ઋષિમુનિઓએ જોયું કે આ બધું માનવીથી ન થઈ શકે. એટલે એ લોકોએ વિચાર્યું કે માનવીને એવું કોઈ સાધન આપો કે જે બધાંય કરે. યોગ, તંત્ર, ધ્યાન વગેરે બધાં ન કરી શકે, તેમાં ચિત્તશુદ્ધિ બહુ જોઈએ. એટલે આંધળાં, લૂલાં, રોગી, સ્ત્રી, પુરુષ, વૃદ્ધ બધાં લઈ શકે એવું સાધન હોય તો તે ભગવાનનું નામ છે અને ભગવાનના નામના સતત સ્મરણ-રટણથી આકાશતત્ત્વ ખીલે છે. વળી, સત્ત્વનો આકાશ સાથે સંબંધ હોઈ, સત્ત્વ ખીલતાં આપણામાંના બધા જીવદશાના ગુણો-કામ, ક્રોધ, લોભ વગેરે મોળા પડવા માંડે અને એમ જ્યારે ભગવાનનું સ્મરણ સહજ થયા કરે-એટલે કે આપમેળે જેમ શ્વાસોશ્વાસ ચાલે છે, લોહી વહે છે તેમ effortless effort (પ્રયત્ન વિનાનો પ્રયત્ન)થી સ્મરણ થયા કરે-જાગૃતિપૂર્વક-તો આપણામાં શુદ્ધિ થવા માંડે. આપણે શ્વાસ લઈએ છીએ એનું જાગૃતિપૂર્વકનું જ્ઞાન હોતું નથી (કારણ એ સહજ ક્રિયા છે, પણ પુરુષ સુષુપ્ત સ્થિતિમાં છે. એ પુરુષ અજપાજપ થતાં જાગ્રત થઈ જાય છે અને પુરુષતત્ત્વ જાગ્રત થતાં consciousness (જાગૃતિ) પ્રગટે છે અને આપણામાં જીવતોજાગતો વિવેક જાગી જાય છે. સામાન્ય જીવદશાનો વિવેક નહિ, પણ જીવતોજાગતો. તે તાત્કાલિક નિર્ણય કરી શકે છે, અયોગ્યને નિવારી યોગ્યને સ્વીકારે છે.

મતલબ કે શબ્દની સાધનાથી આ સ્થિતિને પામી શકાય છે અને **આ સંપૂર્ણપણે વૈજ્ઞાનિક છે.** કારણ, આ જે પાંચ તત્ત્વો છે એ તો હકીકત છે અને શબ્દ, આકાશમાંથી ઉદ્‌ભવ્યો છે એની પણ કોઈથી ના પડાય એમ નથી.

એટલે શબ્દની નિરંતરતાથી આકાશતત્ત્વ ખીલે છે. એમાંથી સત્ત્વ પ્રગટે, અને એમ એવી સ્થિતિ પ્રગટે ત્યારે આકાશતત્ત્વ ખૂબ વિકસતાં સત્ત્વના ઉદયથી જીવદશા મોળી પડે છે. આ વૈજ્ઞાનિક છે, આ બધું શક્ય છે અને આ કંઈ ગામડિયાની વાતો નથી પણ આ અનુભવની હકીકત છે.

(મૌનરૂમ અંગે) મારા ઘણા મિત્રો મને કહે છે કે ભગત, 'અહીં અંધારું શું કરવા રાખો છો ?' ત્યારે હું કહું છું કે 'કોઈ operation (શસ્ત્રક્રિયા) કરવાનું હોય તો તમે કોઈ ડૉક્ટરને કહેશો કે આમ કરો કે તેમ કરો ?' તો અમે ગુરુમહારાજની કૃપાથી આ technique (કાર્યશૈલી)ના કંઈક જાણકાર છીએ. અને જે આપણને બીક લાગે છે તે અંધારાથી નહિ, પણ ડરના સંસ્કારો ચિત્તમાં પડેલા હોય છે તે ઉદય થાય છે, એટલે બીક લાગે છે. અંધારાને જ કારણે બીક લાગે છે એવું નથી, કેમ કે એની અંદર ૦ા-૦ા કલાક પછી તો અજવાળું લાગે છે. મારું ચાલે તો સંપૂર્ણ અંધારું રાખું. કુંભકોણમ્‌માં (દક્ષિણ ભારત) તો ખૂબ નાનાં બાકોરાં છે અને ફક્ત ત્રણ આંગળી જેટલાં જ પહોળાં છે. અંધારું આપણા જ્ઞાનતંતુને પોષક, ચિત્તશુદ્ધિને પોષક છે. આ પ્રયોગને સિદ્ધ કરવાને જેટલા પ્રમાણમાં જોઈએ તેટલા પ્રમાણમાં પણ અંધારું નથી રાખ્યું. આ તો અહીં જે બધા મારા મિત્રો આવે છે તેમની સમજણ ખાતર કહું છું.

સકળ બ્રહ્માંડમાં ચેતન વ્યાપ્ત છે. નરસિંહ મહેતાએ ગાયું છે કે **'બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે'** કુદરતમાં વિવિધતા અને વિસ્તાર બેઉ વાત છે. લીમડો એક special જાત ગણાય, પણ પ્રત્યેક લીમડો જુદો. એમ દરેક મનુષ્ય ખરા, પણ દરેક મનુષ્ય જુદો. એમ ભગવાને અનેક રૂપ ધારણ કર્યાં અને અનેકમાંથી એક થવાનું છે. એ અનેક કેમ થયો ? કારણ, અનેક રસ લેવાને. ભગવાન પોતે ભોક્તા હોવા છતાં બંધાતો નથી. આપણે ભોક્તા હોવાથી બંધનમાં પડીએ છીએ, પણ ભગવાનને બંધન નથી. કારણ, એ સાક્ષી છે. જો આપણે સાક્ષી થઈએ તો ભોગવવાપણું આપણને બંધનરૂપ ન નીવડે. આપણે પ્રકૃતિરૂપ છીએ અને એના બીબામાં વહેતા હોવાથી પ્રકૃતિરૂપ છીએ.

એનાથી નોખા થવું હોય તો શું કરવું ? તો **સૌથી પ્રથમ તટસ્થતા, પછી સમતા અને પછી સાક્ષિત્વ કેળવાય.** તટસ્થતા શી આવે ? આપણે પ્રકૃતિમાં ગળાબૂડ છીએ તો એ શી રીતે આવે ? તો એનું પણ સાધન શબ્દ છે. ઋષિમુનિઓએ કહ્યું છે કે એને માટે પણ શબ્દની સાધના ખૂબ ઉપયોગી છે. જ્યારે શબ્દમાં આપણું અનુસંધાન થાય ત્યારે આપણાં ચિત્તમાં એ નોખાપણું પ્રગટાવે છે, અને એમ ધીમે ધીમે નોખાપણું સતેજ થવાથી વિવેક જાગ્રત થાય છે અને તાત્કાલિક નિર્ણય કરી શકે એવા વિવેકશાળી શક્તિ જન્મે છે. એમ તટસ્થતા અને સમતા કેળવાતાં કેળવાતાં અંતે સાક્ષીરૂપ બને છે. સાક્ષીરૂપ થવા છતાં એવા એ શરીરધારી હોવાથી એને અનેક પ્રકારનાં કર્મ તો કરવાં પડે છે, પણ એવો માણસ જે

કર્મ કરે છે એમાં જે નિષ્ઠા પ્રગટી છે, ચેતન જાગ્રત થયું છે, એથી એ જે કાંઈ કરે તેમાં ફેર છે, કારણ કે આપણે જીવદશાવાળાં છીએ, પણ પેલો ચેતનનિષ્ઠ હોવાથી દુનિયામાં હોવા છતાં, એ દુન્યવી કર્મ કરવાં છતાં પણ એ અળગો રહે છે. દા.ત., એનો કોઈ આશ્રમ હોય તો એ એની વ્યવસ્થા કરે છે. એ ઉપયોગ કરે ત્યારે એણે દરેક કર્મ કેવી રીતે કરવું તે પરત્વેની સમજણ-જાગૃતિ હોય છે. એનું નામ જ્ઞાન. ઉપભોગમાં માનવી ભોગવે છે. એ બંધનરૂપ છે, પણ ઉપયોગમાં જે કંઈ કરે તેમાં જ્ઞાન રહેલું છે. જ્ઞાનદશામાં સાક્ષિત્વ હોવાથી એ બંધનરૂપ નથી, એટલે મારો કહેવાનો મૂળ હેતુ **શબ્દથી આપણામાં સત્ત્વ પ્રગટે છે તે છે. શબ્દથી એ શક્ય બને છે અને તે પણ આ બધું તમને વૈજ્ઞાનિક રીતે સમજાવ્યું છે.**

'મૌનમંદિરમાં પ્રભુ', ચોથી. આ., પૃ. ૧૯ થી ૨૧ ❑

## શાંતિ તો મથનારને મળે

ઘણા લોકો આશીર્વાદ માગે છે. અલ્યા, બે પૈસા મેળવવા હોય તોપણ કામ કરવું પડે છે. કોક સાધુ મહારાજ કહે છે કે આશીર્વાદ આપું છું, પણ એનામાં જે ખમીર પ્રગટવું જોઈએ એ માટે કશું કર્યું નહિ, એવા આશીર્વાદ તો માણસને લૂલો બનાવે છે. ભગવાનની કૃપા કે આશીર્વાદમાં શક્તિ નથી એમ નહિ, શક્તિ તો જ્યાં જરૂર હોય ત્યાં આપમેળે પ્રગટે છે. એ તો મથનારને આપમેળે માગ્યા વિને મળ્યા કરે છે.

'મૌનમંદિરનું હરિદ્વાર' ૭મી આ., પૃ. ૧૧૭ -શ્રીમોટા

**(વિપત્તિઓના.... અનુસંધાન પેજ નં. ૧૫નું ચાલુ)**

લીધી અને એમના પ્રિય શિષ્ય ભવનાથને કહ્યું કે 'માએ મને કહ્યું છે કે એવું કદાપિ હોઈ શકે નહિ.' મારું મન શંકા અને શ્રદ્ધા વચ્ચે ઝોલાં ખાતું હતું. શ્રીરામકૃષ્ણના સંસર્ગમાં આવ્યા પછી મારી સ્મૃતિ મને એવું માનવા પ્રેરતા કે ઈશ્વરનું અસ્તિત્વ છે, અને એનો સાક્ષાત્કાર કરવાનો કોઈ માર્ગ તો હોવો જ જોઈએ. મારા દાદાની પેઠે સંસારત્યાગ કરવા માટે મેં ગુપ્ત રીતે તૈયારી કરવા માંડી. આ માટે એક દિવસ મેં નક્કી કર્યો, પછી એ જ દિવસે ગુરુદેવ (શ્રીરામકૃષ્ણ) કલકત્તા પધારવાના છે એવું સાંભળીને હું રાજી થયો. મને થયું, 'મારા સદ્ભાગ્ય છે કે ગુરુદેવના આશીર્વાદ લઈને હું સંસારનો ત્યાગ કરીશ.' પછી જેવો હું ગુરુદેવને મળ્યો કે તરત જ તેમણે તે રાતે દક્ષિણેશ્વરમાં પોતાની સાથે રહેવાનું મને કહ્યું. મેં અનેક બહાનાં કાઢ્યાં, પણ કંઈ ચાલ્યું નહિ. એટલે મારે એમની સાથે જવું પડ્યું. એ રાતે ગુરુદેવ ભાવાવેશમાં આવી ગયા, મારી નજીક સરક્યા અને અત્યંત મૃદુતાપૂર્વક સ્પર્શ કરીને આંખોમાં આંસુ ભરીને એ ભજન ગાવા લાગ્યા. ભજનનો અર્થ અત્યંત સ્પષ્ટ હતો. એ મારો ઈરાદો કળી ગયા હતા. પછી રાતે એમણે બીજાઓને વિદાય આપી અને મને પોતાની પાસે બોલાવીને કહ્યું, 'હું જાણું છું કે તું જગદંબાનું કાર્ય કરવા આવ્યો છું અને સંસારી જીવન જીવી શકીશ નહિ, પરંતુ મારી ખાતર, હું જીવું ત્યાં સુધી થોભી જા.' આમ કહીને ફરી રડી પડ્યા. બીજે દિવસે એમની રજા લઈને હું ઘેર પાછો ફર્યો.

'સ્વામી વિવેકાનંદ જીવનચરિત્ર', પાંચમી આ. પૃ.૫૫ થી ૬૨ (સંકલન) ❑

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન-ભેટ

-સંપાદક

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | અજ્ઞાત રહેવાની ભાવના સહ એક સ્વજન બહેનશ્રી તરફથી જ્ઞાનદાન ... | અમદાવાદ ...... | ૨૫,૦૦૦/- |
| ૨. | જગજીવન વી. ટેલર જન્મદિન તા.૧૮-૧૧ નિમિત્તે .................. | વ્યારા .......... | ૧૧,૦૦૦/- |
| ૩. | સદ્‌ગત બળવંતરાય સુંદરલાલ પંડ્યાની પુણ્યસ્મૃતિમાં હસ્તે અમરીશ બી. પંડ્યા .............................................. | અમદાવાદ ...... | ૧૦,૦૦૧/- |
| ૪. | સદ્‌ગત પિતાશ્રી રણછોડભાઈ ચતુરભાઈ પટેલના સ્વર્ગવાસ (તા.૨૭-૯-૨૦૧૬) નિમિત્તે હસ્તે શ્રી રજનીકાંત ..................... | નરોડા ........... | ૫,૧૦૧/- |
| ૫. | પંકજ જાની ................................................................ | મુંબઈ ........... | ૫,૦૦૦/- |
| ૬. | જગદીશભાઈ મારફતીયા ............................................. | સુરત ............ | ૫,૦૦૦/- |
| ૭. | સદ્‌ગત ધર્મપત્ની જયાબહેનની પુણ્યતિથિ (તા.૨-૯) નિમિત્તે હસ્તે ભાનુભાઈ નાયક ............................................... | અમદાવાદ ....... | ૫,૦૦૦/- |
| ૮. | શ્રી સતિષભાઈ જે. શાહ ............................................. | અમદાવાદ ....... | ૩,૦૦૦/- |
| ૯. | સદ્‌ગત માતુશ્રી લીલાબહેન ગોવિંદભાઈ પટેલના સ્વર્ગવાસ તા. ૨૨-૯-૨૦૧૬ નિમિત્તે હસ્તે શ્રી મનુભાઈ ....................... | નરોડા ........... | ૨,૫૦૦/- |
| ૧૦. | સુધીરભાઈ મોહનભાઈ દલસાણિયા ................................ | સુરત ............ | ૨,૧૦૦/- |
| ૧૧. | સરલાબહેન જગદીશચંદ્ર સોની ...................................... | સુરત ............ | ૧,૦૦૧/- |
| ૧૨. | પન્નાબહેન મહેશભાઈ પારેખ ...................................... | સુરત ............ | ૧,૦૦૧/- |
| ૧૩. | વાસંતીબહેન સંજયભાઈ દેસાઈ ...................................... | ભરુચ ........... | ૧,૦૦૧/- |
| ૧૪. | નંદલાલ સી. અમીન જન્મદિન (તા.૧૬-૧૦-૧૯૩૧) નિમિત્તે .......... | અમદાવાદ ....... | ૧,૦૦૦/- |
| ૧૫. | પરેશકુમાર અને કેયુરીબહેનની લગ્ન તા. (૨૧-૧૧) નિમિત્તે ........... | અમદાવાદ ....... | ૧,૦૦૦/- |
| ૧૬. | રણજિતલાલ ઈશ્વરલાલ પોસ્ટીવાલા ................................ | સુરત ............... | ૫૦૧/- |
| ૧૭. | મહેન્દ્રભાઈ ચીમનભાઈ લાપસીવાળા ................................ | સુરત ............... | ૫૦૧/- |
| ૧૮. | મગનભાઈ જી. પટેલ ................................................ | ભાવનગર .......... | ૫૦૧/- |
| ૧૯. | ગુણવંતભાઈ ભુંગરીયા ................................................ | અમદાવાદ ......... | ૫૦૦/- |
| ૨૦. | શ્રીમતી દક્ષાબહેન યોગેશભાઈ કાપડિયા ............................ | સુરત ............... | ૫૦૦/- |
| ૨૧. | નિર્મળાબહેન નટવરલાલ વાંકાવાળા ................................ | સુરત ............... | ૩૦૦/- |
| ૨૧. | કતરાભાઈ યોગેશભાઈ કાપડિયા ....................................... | સુરત ............... | ૨૫૦/- |
| ૨૨. | ઉજાલભાઈ યોગેશભાઈ કાપડિયા ...................................... | સુરત ............... | ૨૫૦/- |
| ૨૩. | કુંદનબહેન નાથાલાલ પ્રજાપતિ ........................................ | વડોદરા ............. | ૨૦૦/- |

વિશેષ દાનભેટની વિગત આવતા અંકે

ઉપરોક્ત સર્વે દાતાઓના અમો ખૂબ ખૂબ આભારી છીએ. - સંપાદક

## (૧૧) ગુરુ વિના એ જ્ઞાન અમને કોણ રે આપે !

(સ્વ.) જયાબહેન ભાનુભાઈ નાયક

ગુરુ વિના એ જ્ઞાન અમને કોણ રે આપે...
આજ રે મોટાના શબ્દો યાદ બહુ આવે
મોટા યાદ બહુ આવે... (૨)

ગુરુજી મારા જ્ઞાનની ગંગા, જ્ઞાનની ગંગા...
દિલ તો એનું ડોલતો દરિયો, ડોલતો દરિયો,
હેતને હિલોળે અમને ખૂબ ન્હવરાવે...
આજ રે મોટાના શબ્દો યાદ બહુ આવે
મોટા યાદ બહુ આવે... (૨)

દૂર ને દૂર, ગામડે ગામે, ગામડે ગામે...
શાળાના ઓરડા બંધાવા કાજે, બંધાવા કાજે...
કેળવણીના પાયા એણે ઊંડા રે નાખ્યા...
આજ રે મોટાના શબ્દો યાદ બહુ આવે
મોટા યાદ બહુ આવે... (૨)

ગુરુ વિના એ જ્ઞાન અમને કોણ રે આપે...
આજ રે મોટાના શબ્દો યાદ બહુ આવે
મોટા યાદ બહુ આવે... (૨)

ગુરુ મારી માતા, ગુરુ મારા પિતા (૨)
ગુરુ મારી ભક્તિ, ગુરુ મારી પૂજા (૨)
સગાં ને સંબંધી મેં તો સત્સંગી માન્યા...
આજ રે મોટાના શબ્દો યાદ બહુ આવે
મોટા યાદ બહુ આવે... (૨)

ગુરુ વિના એ જ્ઞાન અમને કોણ રે આપે...
આજ રે મોટાના શબ્દો યાદ બહુ આવે
મોટા યાદ બહુ આવે... (૨)



# નિરાશા નિરાવણ

તમને જિંદગીમાં નિરાશા આવતી જતી લાગે છે, તે જોઈ દિલમાં મને ગોઠતું નથી. કૃપા કરીને હતાશ થવું નહિ, જે જે પરિસ્થિતિ મળ્યા કરે છે અને તે પડઘાના વમળમાંથી આપણે બહાર નીકળવાનું ન કરીએ અને એમાં અટવાયા કરીએ એટલે આમ થાય છે.

કોઈ વાતે મુંઝાશો નહિ. કોઈ પણ કામ હોય તો બેલાશકપણે (મને) લખશો, તમારું કામ (એ) મારું જ કામ છે, એમ ગણવાને હું ઈચ્છું છું. આપણે એક જ આત્માનાં સ્વજનો છીએ. ભગવાને સાથે બૂડતા બચાવ્યા છે, તો સાથે મસ્તીથી જીવીએ.

ખૂબ મોટેથી 'હરિઃૐ', 'હરિઃૐ' બેચાર વાર એકાંતમાં જઈને બૂમો મારવાનું દસબાર મિનિટ જરૂર રાખશોજી. માત્ર મારામાં જીવ રાખ્યા કરવાનું રખાય અને બીજું કશું નહિ થાય તોયે ભગવાન સંભાળ લેશે.

- શ્રીમોટા

*'શ્રીમોટા-પત્રાવલિ-૧', પ્ર. આ., પૃ. ૧૭*

**HARIBHAV, DECEMBER - 2016**
"RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2015-2017
Valid upto 31st December -2017 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Prepayment of postage No. CPMG/GJ/91/2017
valid upto 31-12-2017

# વૃત્તિથી વધતું કે ઘટતું પ્રારબ્ધ



આ જીવનમાં જે જે સંબંધ લોહીના કે સગપણના થયેલા છે, તે કર્મપ્રારબ્ધના અંગે કરીને છે. કેટલાક સંબંધો ગયા જન્મોની અસરને લીધે બહુ જ ઓછા પ્રમાણમાં મળતા હોય છે. પરંતુ આપણી વૃત્તિઓને લીધે પછીથી ઘણી વધારી મૂકીએ છીએ.

એટલે જે સંબંધ નૈસર્ગિકપણે મળેલો હોય તે સંબંધને આપણે જો નકારીએ કે તેના યોગ્યપણામાં ન વર્તીએ તો તે કર્મપ્રારબ્ધ કંઈ ફીટી શકવાના નથી. પણ તેમાં ઊલટું જોશ અથવા તો બીજી જાતની વિરુદ્ધની લાગણીઓ ઉમેરાઈને ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે તે કર્મપ્રારબ્ધ એક યા બીજા રૂપે આપણા જીવનમાં ઊભું રહેવાનું જ છે.

આપણે પ્રત્યેક સંબંધમાં ભગવાનના ભાવની ધારણા રાખ્યાં કરીશું તો જીવનમાં જરૂર રસ પડશે જ.

- શ્રીમોટા

*'શ્રીમોટા-પત્રાવલિ-૧', પ્ર. આ., પૃ. ૨૫-૨૬*

Printed and Published by PRABHUDAS D. JANI on behalf of HARIWANI TRUST and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road, Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor - PRABHUDAS D. JANI E-mail : hariwanitrust@gmail.com